## તંત્રી સ્થાનેથી

પરિવર્તનનો દોર છે. આધુનિક ઝમાનો છે. નવા સમયના નવા તકાઝા છે.. વગેરે વાકયો અનેકવાર આપણે એવા લોકોના મુખે સાંભળતા આવ્યા છે, જેઓ દીનને એક તરફ મુકીને અથવા અમુક તમુક ઈબાદતોમાં સિમિત કરીને દુનિયાની રોનક, ચમકમાં ગુમ થઈને એની મોજ માણવાના શોખીન છે. પરંતુ હવે આ નારો મક્કા – મદીનાથી આવી રહયો છે. સીધી રીતે મક્કા – મદીનાથી નહીં, પણ પોતાને હરમૈન શરીફના ખાદિમ – કસ્ટોડીયન ગણાવનાર વ્યકિત પરદો, નગ્નતા, વ્યાજ, ઈસ્લામ દુશ્મન શકિતઓ સાથેના દોસ્તી – વેપારના સંબંધો બાબતે એમ કહે કે આ ઈસ્લામમાં આ બધાની કોઈ પાબંદી નથી, તો એક સામાન્ય મુસલમાન માટે સમજવું મુશ્કેલ થઈ પડે છે કે આ મુલ્લાઓ બતાવે છે એ સાચો ઈસ્લામ છે કે પછી મક્કા – મદીનાના મુતવલ્લી કહે છે એ સાચું ?

૧૯૫૦ માં હઝરત મવલાના અલી મીયાં નદવી રહ.એ એમના મોટા ભાઈને એક પત્રમાં લખ્યું હતું કે વિશ્વભરના મુસલમાનોનો કિબ્લો અને આસ્થાનું કેન્દ્ર સઉદી અરબ છે પણ સઉદીના રાજાઓના વિશ્વાસના હોકાયંત્રની સોય અમેરિકા તરફ કેન્દ્રિત થઈ રહી છે.

હમણા એક બે માસ પહેલાં સઉદી શેહઝાદા તરફથી એક અમેરિકન મીડીયાને આપવામાં આવેલ ઈન્ટરવ્યુમાં આ વાત સ્પષ્ટ કહેવામાં આવી છે કે અમે અત્યાર સુધી કડક રીતે જે ઈસ્લામી આદેશો દેશમાં લાગુ કર્યા હતા એ અમેરિકાના કહેવાથી કર્યા હતા. સઉદી અરેબિયા પહેલાં વધારે મોર્ડન હતું. સિનેમાઘરો હતા. ડાન્સ અને મ્યુઝિક પાર્ટીઓ હતી. પરદો જરૂરી નથી. પરાયા પુરૂષો – સ્ત્રીઓ એકબીજાને મળી શકે છે.. વગેરે.. અને શાહઝાદાના કહેવા પ્રમાણે હવે તે જે કંઈ કરવા જઈ રહયો છે એવું બધું નબવી દોરમાં પણ હતું. નઉઝુબિલ્લાહ.

વિશ્વભરના મુસલમાનો માટે તો સઉદી અરેબિયા અકીદત અને મુહબ્બતનું સ્થાન હોવા ઉપરાંત રોઝી – રોટીનું પણ મહત્વનું કેન્દ્ર હતું. અને હવે નવી પોલીસી મુજબ સઉદીમાં રોઝી કમાવાના દરવાજા પણ મુસલમાનો માટે બંધ કરવામાં આવી રહયા છે, ઉલટાનું વિશ્વભરના મુસલમાનો પાસેથી હજ – ઉમરાની ફીસ તરીકે મસમોટી રકમ ઉઘરાવવામાં આવી રહી છે, શા માટે ? કહેવાય છે કે હવે સઉદીની ઈકોનોમીને એની જરૂરત છે. અને કદાચ આવા મોટા ખર્ચાઓ થોપીને લોકોને આવી મહાન ઈબાદતોથી દૂર રાખવાનો પણ આશય હોય શકે છે.

આવી સ્થિતિમાં મુસલમાનોએ યાદ રાખવાનું છે કે ઈસ્લામ કોઈ એક વ્યકિત અથવા કોઈ એક દેશ કે પ્રદેશ આધારિત ધર્મ નથી. ઈસ્લામનો આધાર કુરઆન અને હદીસ છે. અને કુરઆન – હદીસ દ્વારા ઈસ્લામને સમજાવનારા દુનિયાના દરેક પ્રદેશોમાં પેદા થયા છે અને થાય છે. મક્કા અને મદીના પ્રવિત્ર સ્થળો હોવાથી, કિબ્લો અને રવઝએ અકદસ હોવાથી એનું ઈસ્લામમાં એનું આગવું મહત્વ છે, પણ ઈસ્લામી અહકામ માટે ત્યાંના આવા મોર્ડન શાસકોનું કોઈ કામ દલીલ નથી બની શકતું. આ તબક્કે મુસલમાનોએ બે વાતો યાદ રાખવાની છે.

(૧) સઉદી એરેબિયા કે હરમૈન શરીફૈનમાં પણ, જો ત્યાંના શાસકો કોઈ ગેર ઈસ્લામી પરંપરા ચાલુ કરે તો ફકત એના કારણે એ ઈસ્લામનો હિસ્સો નથી બની જતી. કોઈ પણ બાબતને કુરઆન – સુન્નતના ત્રાજવે તોલીને જોવા અને સમજવામાં આવે એ જરૂરી છે.

(૨) હવેના રાજાઓ, શાસકો, ઈસ્લામી સત્તા કે ઈસ્લામી સંસ્થાના હોદ્દેદારો જે કંઈ કરે એ સાચે જ ઈસ્લામની તાલીમ હોય, એ ભ્રમ્ર આપણે ભૂલી જવાનો છે. દરેક શાસક અને હોદ્દેદાર ઈસ્લામનું નામ લઈને પોતાનો સ્વાર્થ સાધે છે. માટે કુરઆન, હદીસ અને ઈસ્લામની તાલીમની સમજણ આપતાં પુસ્તકો – કિતાબો અને ઉલમા – વિદ્વાનો દ્વારા ઈસ્લામને સાચા અર્થમાં સમજવાની જરૂરત છે. કુરઆન – હદીસના વિદ્વાન બુઝુર્ગો તેમજ મશાઈખને જ ઈસ્લામના સાચા તરજુમાન સમજવામાં આવે. કોઈ સત્તા, વિશેષ સંસ્થા કે સમુહગણ દ્વારા ઈસ્લામને નામે જે કંઈ કરવામાં આવે એ બધું આંખ બંધ કરીને ઈસ્લામ સમજીને સ્વીકારવામાં ન આવે. જેમ ઈસ્લામ સત્તાના જોરે નથી ફેલાયો એ જ પ્રમાણે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પણ ઈસ્લામ કોઈ સત્તાનો મોહતાજ નથી.

ઈસ્લામ અને મુસલમાનોના નેતા, રાજા કે ઝિમ્મેદાર કહેવાતા લોકો દ્વારા જે રીતે પોતાના સ્વાર્થ ખાતર સાચા ઈસ્લામ ધર્મને 'સગવડિયો ધર્મ' બનાવવામાં આવી રહયો છે, એનો મોટો બોધપાઠ આ જ છે કે આંખ બંધ કરીને કોઈ પણ વ્યકિતને સંપૂર્ણ રીતે ઈસ્લામનો ઠેકેદાર માનવામાં આવે નહીં.

સઉદી શાસકો આજે પોતે જ કહે છે કે અમેરિકાના કહેવાથી પાછલા વરસોમાં ઈસ્લામના નામે ખોટી રીતે 'આકરો ઈસ્લામ' થોપવામાં આવ્યો હતો, એટલે યાદ રાખો કે આજના મોર્ડન અને ગેરઈસ્લામી સુધારાઓ પણ અમેરિકાના કહેવાથી જ છે, ઈસ્લામ, મુસલમાન કે ઉમ્મતનો કોઈ ફાયદો જોઈને એ બધું નથી કરવામાં આવતું.

• • ● ● ●

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૨૩

## *સલામથી નમાઝ પૂરી કરવી*

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ જે પ્રમાણે નમાઝના આરંભવા અને શરૂ કરવા માટે અલ્લાહુ અકબરનો કલિમો શિખવ્યો છે. તેનાથી ઉમદા કોઈ બીજો કલિમો નમાઝના આરંભવા અને શરૂ કરવા માટે વિચારી જ નથી શકતા, એ જ રીતે તેના અંત માટે "અસ્સલામુ અલૈકુમ વરહમતૂલ્લાહ" શિખવ્યું હતું, અને બેશક નમાઝના અંત માટે પણ એનાથી સરસ કોઈ શબ્દ વિચારી શકતા નથી, દરેક માણસ જાણે છે કે સલામ ત્યારે જ કરવામાં આવે છે જયારે એક બીજાથી અલગ અને ગાયબ થયા પછી પહેલી મુલાકાત થાય જેથી એ માટે"અસ્સલામુ અલૈકુમ વરહમતુલ્લાહિ"ની તાલીમમાં સાફ ઈશારો છે. બલ્કે સુચના આપવામાં આવી છે કે બંદો "અલ્લાહુ અકબર" કહી જયારે જયારે નમાઝમાં દાખલ થયો અને દરબારે ખુદાવંદીમાં પોતાની આશાઓ રજૂ કરે તો તે સમયે આ જગતમાંથી અહીંયા સુધી કે પોતાના માહોલ અને ડાબે જમણેવાળાઓથી અલગ થઈ જવું જોઈએ અને અલ્લાહ સિવાય કોઈ પણ તેના હૃદય સમક્ષ રહેવું ન જોઈએ. પૂરી નમાઝમાં તેની એ જ હાલત રહેવી જોઈએ. પછી જયારે છેલ્લા કાયદામાં તશહહુદ અને દુરૂદ શરીફ અને છેલ્લી દુઆ અલ્લાહના દરબારમાં અરજ કરી પોતાની નમાઝ પુરી કરી લે, તો તેના અંદરની હાલત એવી હોવી જોઈએ કે જેવો તે અત્યારે કોઈ બીજી દુનિયાથી આ જગતમાં અને પોતાના માહોલમાં

(વાતાવરણ)માં પાછો ફર્યો છે. અને જમણી ડાબી બાજુ વાળા માણસો અને ફરિશ્તાઓથી હવે તેની નવી મુલાકાત થઈ રહી છે. એટલા માટે હવે તેમના તરફ મોં કરી તેમને જ સંબોધી કહે : "અસ્સલામુ અલૈકુમ વ રહમતુલ્લાહ"

મુજ નાચીઝ સામે આ હુકમનો એ જ ભેદ અને હિકમત છે.

તે પછી સલામ વિષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની અમૂક હદીષો નીચે વાંચો :–

(١٧٠) عَنْ عَلِيٍّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مِفْتَاحُ الصَّلٰوةِ الطُّهُوْرُ وَتَحْرِيْمُهَا التَّكْبِيْرُ وَتَحْلِيْلُهَا التَّسْلِيْمُ۔(رواه ابوداؤد والترمذی والدارمی وابن ماجة)

તરજુમોઃ– હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ તહારત (એટલે વુઝૂ) નમાઝની ચાવી છે. અને તેની તહરીમા અલ્લાહુ અકબર કહેવું છે. અને તેની પાબંદીયો ખોલવાનું સાધન "અસ્સલામુ અલૈકુમ વરહમતુલ્લાહ" કહેવું છે.

ખુલાસો :– આ હદીષમાં નમાઝ સંબંધી ત્રણ વાતો કહેવામાં આવી છે.

(૧) પહેલી એ કે નમાઝ જે ખુદાવંદે કુદુસના દરબારની ખાસ હાજરી છે. પાકી અને વુઝૂ સાથે હોવું તેની ચાવી એટલે પહેલી શરત છે. તેના વગર કોઈના માટે તે દરબારનો દરવાઝો ખુલી શકતો નથી.

(૨) બીજુ એ કે નમાઝના આરંભીક શબ્દો "અલ્લાહુ અકબર" છે. તે કહેતાં જ નમાઝ વાળી બધી પાબંદી તેના ઉપર લદાય જાય છે. જેમકે ખાવું, પીવું, કોઈની સાથે વાતચીત કરવી જેવા કામો જેની નમાઝ શરૂ કરતા પહેલાં છુટ હતી તે પણ નમાઝ પુરી થતાં સુધી હરામ થઈ જાય છે. એટલા માટે જ તેને "તકબીરે તહરીમા" કહેવામાં આવે છે.

(૩) ત્રીજીવાત એ ફરમાવવામાં આવી છે કે નમાઝનો અંતિમ કલ્મો જેના કહ્યા પછી નમાઝ વાળી બધી પાબંદીઓ ઉઠી જાય છે. અને જે જાઈઝ અને મબાહ ચીઝો "તકબીરે તહરીમા" કહ્યા પછી તેના માટે

નાજાઈઝ અને હરામ થઈ ગઈ હતી, તે બધી હલાલ થઈ જાય છે. અને તે કલ્મો "અસ્લામુ અલૈકુમ વ રહમતૂલ્લાહ" છે.

(۱۷۱) عَنْ سَعْدِ بْنِ اَبِی وَقَّاصٍؓ قَالَ كُنْتُ اَرَی رَسُوْلَ اللّٰہِ ﷺ يُسَلِّمُ عَنْ يَمِيْنِهٖ وَعَنْ يَسَارِهٖ حَتّٰی اَرَی بَيَاضَ خَدِّهٖ۔ (رواہ مسلم)

તરજુમો:– હઝરત સઅદ બિન અબી વક્કાસ (રદિ.)થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને પોતે જોયા હતા કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સલામ ફેરવતી વખતે જમણી અને ડાબી બાજુ મોં ફેરવતા હતા અને ચેહરા મુબારકને જમણી અને ડાબી બાજુ એટલો ફેરવતા હતા કે અમે ગાલ મુબારકની સફેદી જોઈ લેતા હતા. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– આજ વાત શબ્દોના થોડા ફેરફાર સાથે 'સુનને અરબઆ' માં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.) અને "સુનને ઈબ્ને માજા"માં હઝરત અમ્માર બિન યાસિર(રદિ.)થી રિવાયત કરવામાં આવી છે.

## સલામ પછી ઝિક્ર અને દુઆ

નમાઝના અંત પર સલામથી પહેલાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જે દુઆઓ માંગતા હતા, અથવા જે દુઆઓની આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તે મોકા પર શિખામણ આપી છે. તેનું વર્ણન આગળ થઈ ચુકયું છે. હવે નીચે તે હદીષો વાંચો જેમાં બતાવવામાં આવ્યું છે કે સલામ પછી ઝિક્ર અને દુઆ વિષે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ઉમ્મતને શું સુચના આપી છે. અને જાતે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો અમલ એ બાબત શું હતો?

(۱۷۲) عَنْ اَبِی اُمَامَةَؓ قَالَ قِيْلَ يَارَسُوْلَ اللّٰہِ ﷺ اَیُّ الدُّعَاءِ اَسْمَعُ قَالَ جَوْفُ اللَّيْلِ الآخِرِ وَدُبُرَالصَّلَوَاتِ الْمَكْتُوبَاتِ۔ (رواہ الترمذی)

તરજુમો:– હઝરત અબૂ ઉમામા બાહિલી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને પુછવામાં આવ્યું કે હઝરત! કઈ (દુઆ વધુ સાંભળવામાં આવે છે? એટલે કયા વખતની દુઆ

વધુ કબૂલ થાય છે?) આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: રાતના અંત દર્મિયાન (એટલે રાતના છેલ્લા ભાગમાં જે તહજ્જુદનો સમય છે. અને ફરજ નમાઝો પછી. (તિર્મિઝી શરીફ)

(۱۷۳) عَنْ مَعَاذِ بْنِ جَبَلٍؓ قَالَ اَخَذَ بِيَدِىْ رَسُوْلُ اللّٰهِ ﷺ فَقَالَ اِنِّىْ لَاُحِبُّكَ يَا مَعَاذُ فَقُلْتُ وَاَنَا اُحِبُّكَ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ قَالَ فَلَا تَدَعْ اَنْ تَقُوْلَ فِىْ دُبُرِ كُلِّ صَلٰوةٍ "رَبِّ اَعِنِّىْ عَلٰى ذِكْرِكَ وَشُكْرِكَ وَحُسْنِ عِبَادَتِكَ"۔

(رواه احمد وابوداؤد والنسائى)

તરજુમો:– હઝરત મઆઝ બિન જબલ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ મારો હાથ પકડી મને ફરમાવ્યું: એય મઆઝ! મને તમારી સાથે મહોબ્બત છે. મેં અરજ કરી યા રસૂલલ્લાહ! મને પણ આપની સાથે મહોબ્બત છે. આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: તો (એ મહોબ્બતના કારણે જ હું તમને કહું છું કે) દરેક નમાઝ પછી અલ્લાહ તઆલાથી આ દુઆ જરૂર કર્યા કરો, અને કદી એને છોડો નહી.

"رَبِّ اَعِنِّىْ عَلٰى ذِكْرِكَ وَشُكْرِكَ وحُسْنِ عِبَادَتِكَ"

અર્થાત :– એય ! મારા પરવરદિગાર ! મારી મદદ કર, અને મને તોફીક આપ તારી યાદની તારા શુક્રની અને તારી સારી ઈબાદતની. (મુસ્નદે અહમદ, અબૂદાઉદ, નસાઈ)

(۱۷٤) عَنْ ثَوْبَانَؓ عَنْهُ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا انْصَرَفَ مِنْ صَلٰوتِهٖ اِسْتَغْفَرَ ثَلٰثاً وَقَالَ اَللّٰهُمَّ اَنْتَ السَّلَامُ وَمِنْكَ السَّلَامُ تَبَارَكْتَ يَا ذَاالْجَلَالِ وَالْاِكْرَامِ۔(رواه مسلم)

તરજુમો:– હઝરત સૌબાન (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)જયારે નમાઝથી ફારિગ થતા તો ત્રણ વખતે કલિમએ ઈસ્તિગ્ફાર પઢતા અને અલ્લાહથી મગફિરત માંગતા ત્યાર બાદ કહેતા :

اَللّٰهُمَّ اَنْتَ السَّلَامُ وَمِنْكَ السَّلَامُ تَبَارَكْتَ يَا ذَاالْجَلَالِ والْاِكْرَامِ۔

એય અલ્લાહ! તું જ સલામત છે, (અને મહફૂઝ તેમ પાક છે, દરેક એબ અને કમીથી, અને આફતો તેમ મુસીબતોથી, અને દરેક જાતના ફેરફાર અને પડતીથી) અને તારાજ તરફથી અને તારા જ હાથમાં સલામતી છે. (જેના માટે અને જયારે ચાહે સલામતીનો ફેંસલો કરે, અને જેના માટે ન ચાહે ન કરે.) તું બરકતવાળો છે. એય મોટાઈ અને બુઝુર્ગીવાળા, તાઝીમ અને ઈકરામવાળા ખુદા. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– હઝરત સૌબાન (રદિ.)ની આ હદીષથી જણાયું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો મામૂલ હતો કે નમાઝથી ફારિગ થઈ એટલે સલામ ફેરવી તરત પહેલા ત્રણ વાર ઈસ્તિગ્ફાર કરતા હતા, એટલે અલ્લાહના દરબારમાં અરજ કરતા હતા, "અસ્તગફિરૂલ્લાહ" (ત્રણવાર) આ અસલમાં છેલ્લા દરજાની અબ્દિય્યત છે કે નમાઝ જેવી ઈબાદત પછી પણ પોતાને કુસૂરવાર અને ગુનેહગાર અને ઈબાદતનો હક અદા કરવાથી કમઝોર તેમ આજીઝ સમજી અલ્લાહ તઆલા પાસે માફી અને બખ્શિશ માંગવામાં આવે.

આ હદીષમાં ઈસ્તિગફાર પછી જે નાનકડી દુઆ હઝરત સૌબાન (રદિ.)એ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી નકલ કરી છે, સહીહ રિવાયતોમાં તે માત્ર આટલી જ આવેલી છે. એટલે "અલ્લાહુમ્મ અન્તસ્સલામ વ મિન્ક સ્સલામ તબારકત યા ઝલ્જલાલિ વલ્ઈકરામ." લોકોમાં આ દુઆમાં "વમિન્ક સ્સલામ" પછી જે વધારો પ્રચલિત છે. "વઈલૈક યર્જિઉસ્સલામ ફહય્યિના રબ્બના બિસ્સલામ વ અદખિલ્નલ્જન્નત દાર સ્સલામ" મુહદ્દીસોએ ખુલાસો કર્યો છે કે આ પાછળથી થએલો વધારો છે. એ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાબિત નથી.

---

## ખુદા અને રસૂલે ખુદાની મુહબ્બતના દાવાનો પુરાવો
# ઇતાઅતે રસૂલ અને ઇત્તેબાએ સુન્નત

*—— મુફ્તી ફરીદ અહમદ કાવી.*

بسم الله الرحمن الرحيم

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٣١﴾ قُلْ اَطِيْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْكٰفِرِيْنَ ﴿٣٢﴾ قُلْ اَطِيْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْكٰفِرِيْنَ ﴿٣٢﴾

(હે નબી ! ) કહી દયો દો કે જો તમને અલ્લાહથી મુહબ્બત છે તો તમે મારી તાબેદારી કરો. તો પછી અલ્લાહ પણ તમારાથી મુહબ્બત કરે અને તમારા ગુનાહો માફ કરે અને અલ્લાહ ઘણો જ માફ કરનાર ઘણો દયાળુ છે. (૩૧) કહી દો કે અલ્લાહ અને રસૂલ (સલ.)ની ફરમાબરદારી કરો. પછી પણ જો તેઓ મોઢું ફેરવી લે તો પછી અલ્લાહ આવા કાફિરોને પસંદ નથી કરતો. (૩૨)

તફસીર : મુહબ્બત દિલમાં હોય છે, બહાર દેખાતી નથી, અલબત્ત માણસના હાલાત અને મુઆમલાત વડે સમજી શકાય છે કે કોને કોની સાથે કેટલી મુહબ્બત છે. ઘણા લોકો અલ્લાહ તઆલા સાથે મુહબ્બતનો દાવો કરતા હોય છે, એમનો દાવો સાચો છે કે ખોટો ? એને પારખવા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફતે એક નિશાની અલ્લાહ તઆલાએ આ આયતમાં વર્ણવી છે અને તે આ છે કે જે માણસ અલ્લાહ સાથે મુહબ્બત હોવાનો દાવો કરતો હોય તો એણે અલ્લાહ તઆલાએ મોકલેલા રસૂલની ફરમાબરદારી કરવી જોઈએ. જેટલી વધારે મુહબ્બત એટલી વધારે ફરમાબરદારી. આ જાહેરી દલીલ દ્વારા સમજમાં આવી શકે છે કે જે માણસ રસૂલે ખુદાની જેટલી વધારે ફરમાબરદારી

કરતો હોય એની ખુદા તઆલા સાથેની મુહબ્બત પણ એટલી વધારે છે.

આયત દ્વારા બીજી બે બાબતો પણ સ્પષ્ટ સમજમાં આવે છે :

(૧) રસૂલે ખુદાની ફરમાબરદારી ખુદા તઆલાની મુહબ્બત માટે જરૂરી હોય છે તો ખુદા તઆલાના હુકમોની ફરમાબરદારી પણ ખુદાની મુહબ્બત માટે નિશંક જરૂરી જ છે.

(૨) અલ્લાહની મુહબ્બત માટે જેમ રસૂલે ખુદાની ફરમાબરદારી જરૂરી છે એ જ પ્રમાણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે મુહબ્બતનો દાવો કરનાર માટે પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ફરમાબરદારી જરૂરી છે.

ખુલાસો આ થયો કે અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ, બન્નેની મુહબ્બતના દાવામાં ખરા ઉતરવા માટે રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ફરમાબરદારી જરૂરી છે.

આગળ આયતમાં કહેવામાં આવ્યું કે જે જો તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ફરમાબરદારી કરશો તો અલ્લાહ તઆલા જરૂર તમારા સાથે મુહબ્બત કરશે અને તફસીરે કુરતુબીમાં છે કે અલ્લાહ તઆલાની મુહબ્બત આ છે કે બંદાને મગફિરતના ઈનામથી નવાઝે. આમીન. અને જે કોઈ અલ્લાહની વાત માનીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ફરમાબરદારી નથી કરતો એની સાથે અલ્લાહ તઆલા પણ મુહબ્બત નથી કરતા અને આવો માણસ મુસલમાન પણ નથી હોય શકતો.

પાછલા વરસોમાં એક ફકત કુરઆનને ઈસ્લામનો આધાર માનવા અને હદીસ – સુન્નતને દીનનો આધાર ન માનવા (ઈન્કારે હદીસ)નો એક ફિરકો – ફિત્નો ઉભર્યો હતો અને આજે પણ કંઈક અંશે એની ગુંજ સંભળાય છે. કુરઆનની આ આયતમાં કુરઆન દ્વારા જ એનો રદિયો છે. આયતમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે રસૂલે ખુદાની ફરમાબરદારી જરૂરી છે, એના વગર અલ્લાહના હુકમોની ફરમાબરદારી શકય જ નથી.

———————————————

# નબવી તાલીમનો ખુલાસો

નબવી દોરમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સમાન અધિકારો અને ન્યાય આધારિત ઈસ્લામનું રાજકીય અને ધાર્મિક માળખું અમલી સ્વરૂપે સ્થાપીને લોકોને બતાવી દીધું હતું કે મુસલમાનોએ વ્યકિતગત, સામાજિક, અને રાજકીય રીતે કેવી રીતે જીવન જીવવાનું છે.

સરકારી કામકાજમાં મુસલમાનો સાથે સલાહ મશ્વેરાથી કરવામાં આવતું હતું.

બયતુલ માલ સામુહિક અને સાર્વજનિક સંપત્તિ કરાર દેવામાં આવી હતી. એમાંથી નિયમ મુજબ જે મળવાનું હોય એનાથી એક વાળથી વધારે માલ ઉપર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતને પણ હકદાર ગણતા ન હતા.

સજાનો કૂનન દરેક માટે સમાન હતો. ન્યાયના ત્રાજવામાં ગુનેગાર સામાન્ય માણસ અને લખ્તે જિગર ફાતિમહ રદિ. પણ સમાન હતાં.

દરબારે નબવીમાં અરબી અને અજમી વચ્ચે કોઈ ફરક ન હતો. સુહૈબ, બિલાલ અને સલમાન, અરબના સરદારો સમાન હતા.

દરવાજે કોઈ પેહરેદાર કે આસપાસ બોડીગાર્ડ ન હતા.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે મદીનાની ગલીઓમાં ગરીબોની મદદ અને કમઝોરોની સહાય માટે આવતા જતા હતા.

અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી ચારેવ ખુલફાએ રાશિદીન દ્વારા આ જ રીત અપનાવવામાં આવી.

જિંદગીના છેલ્લા દિવસોમાં હજ્તુલ વદાઅ વેળા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જે ખુત્બહ આપ્યો હતો, એમાં એ બધી જ વાતો સિદ્ધાંત અને નિયમ સ્વરૂપે રજૂ કરી હતી, જેના આધારે મદીનામાં ઈસ્લામનું સર્વગ્રાહી માળખું રચવામાં આવ્યું હતું. આ ખુત્બહમાં જે

બુનિયાદી વાતો કહેવામાં આવી હતી એ નીચે મુજબ હતી :

- જહાલતનો સમય વીતી ગયો. તમે બધા જેમ આ મહીના, આજના દિવસ અને આ પવિત્ર સ્થળનું સન્માન કરો છો એવી જ રીતે તમારા માટે બીજા મુસલમાનનું ખુન હરામ છે. અલ્લાહ તઆલા તમારા દરેક કામનો હિસાબ લેશે. અને મારા મૃત્યુ પછી ગુમરાહ ન થઈને એકબીજાની ગરદનો ન કાપજો.
- એકબીજાના અધિકારોનો ખ્યાલ રાખજો. જેમ તમારો હક તમારી બીવી ઉપર છે, એમ તમારી બીવીનો હક પણ તમારા ઉપર છે. ઓરતો સાથે નરમ વર્તન રાખો. ગુલામો સામે સદવર્તન કરજો. તમે પોતે જે ખાઓ, પહેરો એવું જ એમને ખવડાવો અને પહેરાવજો. એમની ભૂલો માફ કરતા રહો. તેઓ પણ આખર અલ્લાહના બંદા છે.
- કોઈ આરબ વ્યકિતને આરબ હોવાના કારણે ગેર આરબ ઉપર ઉચ્ચતા નથી. ન તો ગેર આરબને આરબ ઉપર કોઈ ઉચ્ચતા છે. એક આદમ અલૈ.ની અવલાદ હોવામાં તમે બધા સમાન છો.
- કોઈ પણ વ્યકિતની વસ્તુ એની રઝામંદી વગર લેવી હરામ છે.
- હું તમારી વચ્ચે એક એવી વસ્તુ છોડીને જઈ રહયો છું, જેને મજબૂત પકડી રાખશો તો ગુમરાહ નહીં થાઓ. એ કુરઆન છે.
- ઈખ્લાસ, મુસલમાનોની ખેરખ્વાહી, અને એકતા – સંપ રાખશો તો દિલો પણ સાફ રહેશે.
- જહાલતકાળથી બાકી આવતા ખૂન – હત્યાના બદલાઓ અને વ્યાજની રકમો આજે રદબાતલ કરવામાં આવે છે. અમારા ખાનદાન તરફથી રબીઆ બિન હારિષના ખૂનનો બદલો હું માફ કરું છું અને અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબનું વ્યાજ પણ હું જતું કરું છું.

---

# રમઝાનનો છેલ્લો અશરો અને શબે કદ્ર

જેમ રમઝાન મુબારકને બીજા મહીનાઓ કરતાં ફઝીલત પ્રાપ્ત છે, એ જ મુજબ તેનો છેલ્લો અશરો પહેલા બે અશરાથી બેહતર છે. અને શબે કદ્ર વધુ ભાગે એ જ છેલ્લા અશરામાં હોય છે. માટે હુઝુર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઈબાદત વિગેરેનો તેમાં વધુ પ્રબંધ કરતા હતા અને બીજાઓને પણ પ્રેરણા આપતા હતા.

હઝરત આયશા રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) રમઝાનના છેલ્લા અશરામાં ઈબાદત વગેરેમાં બીજા દિવસો કરતાં વધુ મહેનત કરતા અને તકલીફ વેઠતા હતા. (મુસ્લિમ)

હઝરત આયશા રદિ.થી રિવાયત છે કે જયારે રમઝાનનો છેલ્લો અશરો શરૂ થતો તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) કમર બાંધી લેતા. અને રાતોમાં જાગતા. (એટલે આખી રાત ઈબાદત,ઝિક્ર, અને દુઆમાં મશ્ગુલ રહેતા) અને પોતાના ઘરના માણસોને (એટલે પોતાની પત્નિઓ, તેમ બીજા સંબંધીઓને પણ જગાડતા હતા.) (જેથી તેઓ પણ રાતની બરકતો અને નેકીઓ પ્રાપ્ત કરે)

હઝરત આયશા રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું શબે કદ્રને રમઝાનની પાછલી દસ રાતોમાંથી એકી રાતોમાં શોધો. (બુખારી)

મતલબ એ છે કે શબે કદ્ર રમઝાનના છેલ્લા અશરાની એકી રાતોમાંથી કોઈ એક હોય છે. એટલે એકવીસમી,તેવીસમી,પચ્ચીસમી, સત્તાવીસમી,અથવા ઓગણત્રીસમી.

જો શબે કદ્ર નક્કી કરી દેવામાં આવત કે તે ફલાણી જ રાત છે. તો ઘણા લોકો તે જ રાતમાં ઈબાદત વગેરેનો પ્રબંધ કરત. અલ્લાહ તઆલાએ તેને એવી રીતે છુપાવી કે કુર્આન પાકમાં એક જગ્યાએ ફરમાવ્યું કે કુર્આન પાક શબે કદ્રમાં ઉતાર્યુ અને બીજી જગ્યાએ ફરમાવ્યું કે કુર્આન રમઝાનમાં ઉતાર્યુ તેનાથી ઈશારો મળ્યો કે શબે કદ્ર રમઝાનની રાતોમાંથી જ કોઈ

રાત હતી.

હુઝુર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ વધુ નિશાની રૂપે ફરમાવ્યું કે રમઝાનના છેલ્લા અશરાની એકી રાતોમાં તે હોવી વધુ શકય છે. જેથી તે રાતોનો ખાસ પ્રબંધ કરવામાં આવે.

આ પ્રકારની હદીસો હઝરત આયશા રદિ. સિવાય બીજા સહાબા રદિ.થી પણ રિવાયત કરવામાં આવી છે. અને અમૂક સહાબા રદિ.નો ખ્યાલ હતો કે શબે કદ્ર રમઝાનની સત્તાવીસમી રાતે જ હોય છે.

ઝિર બિન હુબૈશ જે મોટા તાબિઈ છે. બયાન કરે છે કે મેં હઝરત ઉબય બિન કઅબ રદિ.ને પુછયું કે,

આપના દીની ભાઈ અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિ. કહે છે કે "જે કોઈ આખું વર્ષ રાત્રે ઉઠશે (એટલે ઈબાદત કરશે) તેને શબે કદ્ર મળી જ જશે. (એટલે શબે કદ્ર વર્ષની કોઈ પણ રાત્રી હોય છે.) જે માણસ તેની બરકતો મેળવવા ઈચ્છતો હોય તેણે વર્ષની દરેક રાત્રીમાં ઈબાદત કરવી જોઈએ. તો એમ કરવાથી જરૂર તે શબે કદ્રની બરકતો મેળવી શકશે."

આ વિષે તમારૂ શું કહેવું છે ? તેમણે ફરમાવ્યું કે ભાઈ ઈબ્ને મસ્ઉદ (રદિ.) ઉપર અલ્લાહ રહમત ઉતારે. તેમનો ભાવાર્થ આ વાતથી એ હતો કે લોકો (કોઈ એક જ રાત્રીની ઈબાદત) પર બસ ન કરી લે. નહીં તો તેમને પણ ચોક્કસ આ વાતની ખબર હતી કે શબે કદ્ર રમઝાન માસમાં હોય છે. અને તેમાં પણ ખાસ છેલ્લા અશરામાં હોય છે. (એકવીસ થી ઓગણત્રીસ અથવા ત્રીસ સુધી) અને તે નક્કી રાત સત્તાવીસમી છે. પછી તેમણે ચોક્કસ પણે કસમ ખાઈને કહ્યું કે તે બેશક સત્તાવીસમી રાત્રી જ હોય છે. (અને તેમના યકીનને ટેકા રૂપ કસમ સાથે) તેમણે ઈન્શા અલ્લાહ પણ નથી કહ્યું. (ઝિર બિન હુબૈશ) કહે છે કે મેં અરજ કરી કે હે અબૂલ મુન્ઝીર ! (આ હઝરત ઉબય રદિ.નું ઉપનામ હતુ) આ તમે શા આધારે કહો છો ? તો તેમણે ફરમાવ્યું હું આ વાત એ નિશાનીના આધારે કહું છું જેની રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ અમને જાણ કરી હતી. અને તે એ કે શબે કદ્રની સવારમાં જયારે સુર્યોદય થાય છે તો

તેના કિરણો હોતા નથી. (મુસ્લિમ શરીફ)

હઝરત ઉબય બિન કઅબ રદિ.ના જવાબથી જાણવા મળ્યું કે તેમણે જે ચોક્કસ પણે આ વાત દર્શાવી કે શબે કદ્ર ચોક્કસ સત્તાવીસમી રાત્રે જ હોય છે, એ વાત તેમણે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી નથી સાંભળી. પણ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ તેની એક ખાસ નિશાની બતાવી હતી, તેમણે તે નિશાની વધુ ભાગે સત્તાવીસમી રાત્રીની સવારમાં જોઈ હતી. તે કારણે ચોક્કસ પણે પોતાનું મંતવ્ય દર્શાવ્યું હતું.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ કોઈ વખતે એ પણ ફરમાવ્યું કે તેને છેલ્લા દસ દિવસમાં શોધો. અને કોઈવાર ફરમાવ્યું કે છેલ્લી દસ રાતોમાં એકી રાતોમાં શોધો. કોઈવાર છેલ્લા અશરાની પાંચ એકી રાતોમાંથી ચાર અથવા ત્રણ રાતો માટે ફરમાવ્યું, કોઈ ચોક્કસ રાત આપે ફરમાવી નથી. હા, ઘણા સહાબા રદિ.ના અનુભવો છે કે તે સત્તાવીસમી રાત્રે જ હોય છે. આ ચોક્કસ પણાની મહાન હિકમત એ જ છે કે ચાહક લોકો વિવિધ રાતોમાં ઈબાદત અને ઝિક્ર તથા દુઆનો પ્રબંધ કરે. એવું કરનારાઓને સફળતા જરૂર મળશે.

હઝરત અનસ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું જયારે શબે કદ્ર હોય છે તો જિબ્રઈલ અલૈ. ફરિશ્તાઓના ટોળા સાથે ઉતરે છે. અને દરેક તે બંદા માટે રહમતની દુઆ કરે છે. જે ઉભો રહી અથવા બેસીને અલ્લાહના ઝિક્ર અને ઈબાદતમાં પરોવાયેલો હોય છે. (શોઅબુલ ઈમાન)

## *શબે કદ્રની ખાસ દુઆ*

હઝરત આયશા રદિ.થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને અરજ કરી કે મને બતાવો કે જો મને ખબર પડી જાય કે કઈ રાત શબે કદ્રની છે. તો હું તે રાતમાં અલ્લાહથી શું માગું ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે અરજ કરો,

اللهم انك عفوٌ كريمٌ تحب العفو فاعف عنى

હે મારા ખુદા ! તું ઘણો જ માફ કરનાર અને મોટો કરમ કરનાર છે. અને માફ કરવું તને પસંદ છે. બસ તું મારા ગુનાહો માફ કરી દે.

આ હદીસના આધારે અલ્લાહના ઘણા બંદાઓને મામૂલ છે કે તેઓ દરરોજ રાત્રે આ દુઆ ખાસ કરે છે. અને રમઝાન મુબારકની રાતોમાં અને તેમાં પણ ખાસ કરી છેલ્લા અશરાની એકી રાતોમાં આ દુઆનો વધુ પ્રબંધ કરે છે.

## રમઝાનની છેલ્લી રાત

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે રમઝાનની છેલ્લી રાત્રે આપની ઉમ્મત માટે મગફિરત અને બખ્શિશનો ફેંસલો કરવામાં આવે છે. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને પુછવામાં આવ્યું : યા રસૂલલ્લાહ ! શું તે શબે કદ્ર હોય છે. ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે શબે કદ્ર તો નથી હોતી. પરંતુ વાત એમ છે કે અમલ કરનાર જયારે પોતાનો અમલ પુરો કરી દે તો તેને પુરું વળતર મળી જાય છે. (મુસ્નદે અહમદ)

આ હદીસથી જણાયું કે રમઝાન મુબારકની છેલ્લી રાત પણ ખાસ મગફિરતના ફેંસલાની રાત છે. પરંતુ તે રાતમાં મગફિરત અને બખ્શીશનો ફેંસલો તે જ બંદાઓ માટે થશે. જેઓ રમઝાન મુબારકની અમલી માંગણીઓને કોઈ રીતે પુરી કરી તેનો હક મેળવી લે, અલ્લાહ પાક આપણને સૌને તોફિક આપે. આમીન.

### વિશેષ દુઆની દરખાસ્ત

ગુજરાતના મશહૂર બુઝુર્ગ, વિદ્વાન આલિમ, રાહબરે કોમ વ મિલ્લત, જનાબ હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સાહેબ પાછલા ઘણા દિવસોથી બીમાર છે. વાચકોને વિનંતી છે કે હઝરત મવલાના સાહેબ દા.બ. ની તંદુરસ્તી, આફિયત અને લાંબી ઉમર માટે દુઆ વિશેષ દુઆ કરે. અકાબિરીન, મશાઈખ, ઉલમા અને દીનના આવા રાહબરો જ કોમની સાચી દોલત છે.




એક વાર એક બાદશાહ મહેલની છત ઉપર ફરવા ચડયો. આમ તેમ જોતાં તેની નજર મહેલ પાસેના એક ઘરના છાપરા પર પડી. જયાં એક અતિરૂપવાન સ્ત્રી પોતાને કામે ચડી હતી.રાજાએ પોતાના ગુલામોથી પુછયું તો જાણવા મળ્યું કે એ તો આપણા જ એક દરબારી ફીરોજની પત્નિી છે.

થોડીવાર પછી બાદશાહ છત પરથી નીચે ઉતરી આવ્યો, પરંતુ એનું દિલ એ સ્ત્રીમાં અટવાય ચુકયું હતું. તેણે ફીરોજને બોલાવ્યો અને અને એક પત્ર આપી આજ્ઞા કરી કે  ફલાણા શહેર જાઓ અને જલ્દીથી જવાબ લઈ પાછા આવો. ફીરોજ પત્ર લઈ ઘરે આવ્યો અને સફરની તૈયારી કરી માથા નીચે પત્ર મુકીને સુઈ ગયો. સવારે ઉઠી ઘરવાળાને વિદાય કરી રાજાને કામે રવાના થઈ ગયો.આ દરમ્યાન એને રાજાના પ્રપંચની કંઈ જ જાણ ન હતી.

બીજી તરફ ફીરોજના રવાના થતાં જ બાદશાહ ચુપચાપ ફીરોજના ઘરે પહોંચે છે.અને ધીરે રહી દરવાજો ખખડાવે છે. અંદરથી ફીરોજની પત્નિીએ પુછયુંઃ કોણ? રાજાએ અર્જ કરી કે હું, રાજા, ફીરોજનો માલિક, દરવાજો ખોલો. તેણી દરવાજો ખોલી બાદશાહને આવકાર આપતાં કહે છે,

અહો ભાગ્ય ! રાજાજી આજે મારા ઘેર !!!

રાજાએ કહયું કે બસ એમ જ મુલાકાત માટે આવ્યો છું.

તેણી કહે છે કે આવી મુલાકાતથી તો અલ્લાહની પનાહ. મને કંઈ સારા શુકન નથી લાગતા.

આ સાંભળી રાજા કહેવા લાગ્યો કે ભલી માણસ! શું વાત કરે છે? હું રાજા, તારા ધણી ફીરોજનો સ્વામી છું. કદાચ હજુ તું મને ઓળખી નથી શકી.

તેણી કહે છે કે રાજાજી, આપને સારી રીતે ઓળખું છું. પરંતુ કોઈ કવિ જીવ આપના ઘણા પુર્વે આ પંકિતઓ કહી ગયો છે, અને પછી તેણીએ અમુક શે'રો પઢયા, જેનો ભાવાર્થ આ પ્રમાણે છે :

તારા ઘાટના પાણીને હું ચાખ્યા વિના જ ચાલ્યો જઈશ. ત્યાં તો તરસ્યાઓની ભીડ લાગેલી રહે છે.

માખી જયારે કોઈ ખાણામાં ટપકી પડે છે, તો મનની ઈચ્છા હોવા છતાં હું હાથ ઉઠાવી લઉં છું.

સિંહ એવા ઘાટ ઉપર પાણી પીવા નથી આવતો, જયાં કુતરાઓ મોં નાંખતા હોય. અને ....

સજજનો દુષ્ટોના સહવાસમાં બેસવા કરતાં ભુખ્યા પેટે રહેવું વધું પસંદ કરે છે.

આ પછી તેણી બીજા એક કવિની પણ અમુક પંકિતઓ કહી સંભળાવે છે, જેનો ભાવાર્થ કંઈક આ પ્રમાણે છે:

મુજ પ્રીતમાં જેનું હૈયું વિંધાય રહયું છે,તેને જઈને કહી દો કે દ્રોહી લોકો સહવાસને યોગ્ય નથી હોતા.

અને ખુદાના સમ ! કદી સાંભળવામાં નથી આવ્યું કે સિંહે વાઘનું મારેલું ખાધું હોય.

ત્યાર બાદ ઓરત પોતાની વાત આગ ચલાવતાં કહે છે કે જહાંપનાહ ! તમારો કુતરો જયાં પાણી પીવા આવે છે ત્યાંથી તમે પણ પાણી પીશો ?

રાજા આ સાંભળી શરમિંદો થઈ ત્યાંથી નીકળી આવ્યો. પરતું પોતાના પગરખાં ત્યાં જ ભુલી ગયો.

આ તરફ ફીરોજ જયારે થોડી મંઝિલ કાપી ચુકયો તો તેને ભાન થયું કે રાજાનો પત્ર તેની પાસે નથી. વિચારતાં તેને યાદ આવ્યું કે એ તો તકિયા નીચે ભુલી આવ્યો છું. એટલે તે અધવચ્ચેથી પરત ફરે છે. હજુ બાદશાહને તેના ઘરમાંથી નીકળીને થોડી જ વાર થઈ હતી, અને પગરખાં પણ ત્યાં જ હતાં. તરત જ સમજી ગયો કે આ પત્ર લઈ રવાના કરવાનો મકસદ કંઈ ઓર જ છે.પરંતુ કંઈ પણ બોલ્યા વિના તે પત્ર લઈ ચૂપચાપ નીકળી ગયો અને પત્રનો જવાબ લઈ પાછો પણ આવી ગયો. બાદશાહે આ મિશન સફળતાથી પાર પાડવા બદલ તેને સો દિનારનું ઈનામ પણ આપ્યું.

ફીરોજ આ ભેટો લઈ સીધો બજારમાં ગયો અને સ્ત્રીઓના શોખની વસ્તુઓની ખુબ ખરીદી કરી એક સુંદર ભેટ તૈયાર કરી ઘરે આવ્યો. અહિંયા આવીને પત્નિને કહયું કે તારા પિતાને ઘરે જવાનું છે, તૈયાર થઈ જાઓ. તેણીએ પુછયું કે કોઈ કારણ? કહયું કે આપણને બાદશાહે મોટું ઈનામ આપ્યું છે અને હું ઈચ્છું છું કે તારા પિયરના લોકો સામે તારૂં માન સન્માન વધે. તેણી તો ખૂશ ખૂશ થઈ ગઈ અને તુરત જ પિયરમાં પહોંચી ગઈ. પિયરવાળાઓ પણ ઘણા પ્રસન્ન થયા.

સ્ત્રીને હવે અહિંયા આવ્યાને મહિનો થયો; છતાં પતિ ફીરોજ તરફથી એને

કોઈ સંદેશ કે તેડું ન મળતાં બધાને ફિકર થવા લાગી. છેવટે તેણીના ભાઈએ આવી ફીરોજને પુછયું કે કાંતો તમારી નારાજગીનું કારણ દર્શાવો, કાં કાજી પાસે કેસનો સામનો કરવા તૈયાર રહો. ફીરોજે કહયું કે તમે જો કેસ કરવાના હોય તો કરો. હું સામનો કરવા તૈયાર છું.

છોકરી પક્ષના લોકો ફીરોજને લઈ કાજી પાસે હાજર થાય છે, સંજોગોવસાત કાજી અને બાદશાહ, બન્ને આ સમયે સાથે હતા. કાજીને સંબોધીને છોકરીનો ભાઈ પોતાની વિપદા સંભળાવતા કહે છેઃ અલ્લાહ આપની છત્રછાયાને કાયમ રાખે, કાજી સાહબ! અર્જ છે કે મેં આ છોકરાને એક બગીચો ભાડે આપ્યો હતો. જેની ચારે તરફ મજબૂત વાડ હતી. એક મીઠા પાણીનો ઉપયોગમાં લેવાતો કુવો અને ફળદ્રાળ ઝાડો પણ હતા.આ છોકરાએ તેના ફળો ખાય વાડ તોડી ફોડી નાખી, સાથે જ મીઠા પાણીનુ તે કેન્દ્ર પણ સુકવી નાખ્યું. કાઝી આ સાંભળી ફીરોજને સંબોધીને પુછે છેઃ તમારૂં આ ફરિયાદ વિષે શું કહેવું છે? ફીરોજ અર્જ કરે છે કેઃકાઝી સાહબ એ બાગ મેં લીધો હતો, એ વાત સાચી, પણ પહેલાં કરતાં વધુ સારી હાલતમાં પરત કર્યો છે. કાઝી હવે છોકરીના ભાઈને પુછે છે કેઃ શું આ સાચું કહે છે? તે કહે છે કે વાત તો સાચી છે, પરંતુ હું એના પરત કરવાનું કારણ જાણવા માંગુ છું. કાઝી હવે ફરી ફીરોઝને પુછે કેઃ હવે આપનું શું કહેવું છે?

ફીરોજ કહે છે કેઃ મહેરબાન કાઝી સાહેબ! કોઈ અણગમા કે તકલીફને કારણે મેં બગીચો પરત નથી કર્યો.પરંતુ બન્યું એવું કે એક દિવસ જયારે હું બાગમાં પહોંચ્યો તો મેં તેમાં સિંહના પગલાં જોયાં. હું સમજી ગયો કે સિંહ અહિંયા ફરવા આવતો હોય એમ લાગે છે. મને બીક લાગી કે કયાંક એ મારો શિકાર ન કરી લે. બસ એ સિંહથી બચવા ખાતર મેં બાગ છોડી દીધો છે.

આ સાંભળી બાદશાહ એક દમ ટટ્ટાર થઈ ગયો અને ફીરોજને સંબોધીને કહે છે, ફીરોઝ! તું બાગમાં બિલ્કુલ નિડર થઈ જઈ શકે છે. ખુદાના સમ! સિંહ તારા બાગમાં ગયો તો હતો, પરંતુ કઈ કર્યા વિના, પોતાની કોઈ નિશાની વિના, પાંદડાને પણ અડયા વિના, ફકત ઘડી–બેઘડી રોકાયને ત્યાંથી એમ જ પાછો નીકળી આવ્યો છે. અને ફીરોજ! ખુદાની કસમ! આજ સુધી મેં આવો બાગ જોયો નથી. અને એની મજબૂત રક્ષા કરનારી દિવારોનું તો શું કહેવું?

ફીરોજ આ સાંભળી ઘરે આવી જાય છે, અને પત્નિને પાછી ઘરે બોલાવી સંસાર માંડે છે. બાદશાહ અને ફીરોજ સિવાય કોઈ ને ખબર સુધ્ધાં ન પડી કે પ્રસંગની હકીકત શું છે ?

• • • • • • •

# તસવ્વુફ વ સુલૂક
# એક ઇલ્હામી નિઝામ

*—— હઝ. મવલાના અલી મીયાં નદવી રહ.*

અલ્લાહ તઆલાએ ઉમ્મતે મુહમ્મદીયહને એક 'ઈજતેમાઈ ઈલ્હામ'ની દોલતથી નવાઝી છે. અને આ ઈલ્હામ કોઈ પણ પ્રકારની ખામી કે વ્યકિતગત ગલતફહમીથી પાક અને મહફૂજ પણ છે.

ઈસ્લામ અને મુસલમાનો સામે જયારે પણ કપરો સમય આવ્યો, બદલાતા સંજોગો અને હાલાતના તકાઝા મુજબ નવી જરૂરત સામે આવી તો આવા ટાણે અલ્લાહ તઆલા પાક સાફ દિલ, દઢ સંકલ્પ અને કાર્યશકિત ધરાવતા હોય એવા મુખ્લિસ ઉલમાએ કિરામના મોટા વર્ગના દિલમાં એ જરૂરત અને તકાઝો પૂરા કરવાનો વિચાર નાંખીને એમને તન – મનથી એવી રીતે એ તકાઝામાં લગાવી દે છે કે તે ઉલમા આ કામ બાબતે પોતાને અલ્લાહના દરબારમાં જવાબદાર સમજવા લાગે છે, પછી અલ્લાહ તઆલા તરફથી એમને એ કામમાં આગળ વધવામાં ખુદાઈ મદદ પણ મળવા લાગે છે, જેનાથી એમને કાર્ય પુરું કરવાની વધારે હિમ્મત મળે છે. આ ખુદાઈ વ્યવસ્થાને હું 'ઈજતેમાઈ ઈલ્હામ' અથવા 'સામુહિક માર્ગદર્શન – હિદાયત' કહું છું. ઈસ્લામના ઈતિહાસમાં એના અનેક ઉદાહરણો મળે છે.

કદી ઉમ્મતના અમુક નેક માણસોને ઈલ્હામ કરવામાં આવે છે, જેમ કે અઝાનના કિસ્સામાં હઝરત ઝૈદ રદિ. અને હઝરત ઉમર રદિ.ને ઈલ્હામ કરવામાં આવ્યો. લયતુલ કદ્ર વિશે હઝરત ઈબ્ને ઉમર રદિ.ની રિવાયતમાં છે કે, અમુક સહાબાને રમઝાનની છેલ્લી સાત રાતોમાં હોવાનું બતાવવામાં આવ્યું હતું અને એમણે નબીએ કરીમ સલ્લલાહુ અલયહિ વ સલ્લમને એની રજૂઆત કરી હતી....આવું જ તરાવીહ વિશે પણ છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મુસલમાનોની આસાની ખાતર પાબંદી ફરમાવી નહીં, પછી હઝરત ઉમર રદિ.એ તરાવીહની જમાઅત શરૂ કરાવી અને અલ્લાહ તઆલાએ મુસલમાનોમાં આ નમાઝ બાજમાઅત પઢવા અને એમાં કુરઆન પઢવાનો શોખ પેદા કરી દીધો, અને આમ આ ઈબાદત પણ હિફાજતે કુરઆનનો ઝરીયો અને રમઝાનની રાતોની ઈબાદતનો ઝરીયો બની

ગઈ.

કદી આવો ઈલ્હામ મોટી સંખ્યામાં અનેક મુસલમાનોને કરવામાં આવે છે. એટલી બધી સંખ્યામાં કે એ બધા લોકોનું કોઈ બાબતે એકમત થઈ જવાને શયતાની કામ કે દુશ્મનની ચાલ ન કહી શકાય. પછી એના થકી કોઈ ફિત્નો બંધ થાય છે અથવા દીનનો કોઈ મોટો મકસદ પૂરો થાય છે. જેમ કે કુરઆન શરીફ ભેગું કરવાનો વિચાર, પહેલી અને બીજી સદીમાં હદીસો ભેગી કરવાનો વિચાર, પછી ફિકહમાં મુજતહિદ ફુકહાનો ઈજતિહાદ, વિવિધ ઉલૂમ સંપાદન કરવાનો વિચાર, કુરઆનની કિરાઅત અને અરબીના અન્ય ઉલૂમ સંપાદન કરવાનો વિચાર, મદરસાઓની સ્થાપના, કિતાબો લખવાનો વિચાર... વગેરે બાબતો અલ્લાહ તઆલા તરફથી ઉમ્મતના એક મોટા સમુહ ઉપર કરવામાં આવેલ 'ઈલ્હામ' છે. જેનાથી ઉમ્મતની મોટી જરૂરતો પૂરી થઈ અને ફિત્નાઓ બંધ થયા.

ઈજતેમાઈ ઈલ્હામનું એક ઉદાહરણ ગુમરાહ ફિરકાઓ અને ફિલોસોફીના નામે ઈસ્લામનું ખંડન કરનારા લોકોના જવાબ આપવાના પ્રયત્નો પણ છે. અલ્લાહ તઆલાએ અત્યંત કાબેલ, હોશિયાર અને ઊંચી દિમાગશકિત ધરાવતા મુસલમાન વિદ્વાનોની બધી શકિતઓ જરૂરતના ઝમાનામાં એ તરફ વાળી દીધી અને મુસલમાનોને ફિલોસોફીની ગુમરાહીઓથી બચાવી લીધા. ઈસ્લામી ઈતિહાસના દરેક વળાંકે, જ્ઞાન અને સંસ્કૃતિના દરેક કેન્દ્રમાં અલ્લાહ તઆલા મુસલમાનોની એક મોટી જમાઅતને જવાબદારી સોંપતા આવ્યા છે. આ ઈજતેમાઈ ઈલ્હામ અને નિરંતર ચાલતું માર્ગદર્શન ખત્મે નુબુવ્વતની મોટી દલીલ પણ છે. આગલી ઉમ્મતોમાં આ બાબત જોવા નથી મળતી કારણ કે એમને એની જરૂરત પણ ન હતી, અને નુબુવ્વતનો સિલસિલો જારી હતો.

ઈસ્લામની બીજી ત્રીજી સદી અને પછીની સદીઓમાં તઝકિયહ અને ઈસ્લાહે બાતિનની જે ચળવળ સંપૂર્ણ વિષય અને વિદ્યા બની ગઈ, એમાં નફસ અને શયતાનની ચાલાકીઓની ઓળખ, દિલની અને અખ્લાકની બુરાઈઓનો ઈલાજ, અલ્લાહ સાથે સંબંધ, અને બાતેની નિસ્બત મેળવવાના તરીકાઓ વગેરે જે કંઈ હતું, એ બધું જ તઝકિયહ અને એહસાન સ્વરૂપે નબવી વારસામાં મોજૂદ હતું. પાછળની સદીઓમાં એનું જ નામ 'તસવ્વુફ' પડી ગયું.

આ તસવ્વુફ પણ 'ઈજતમાઈ ઈજતેહાદ'નું એક સુંદર ઉદાહરણ છે. ધીરે ધીરે તસવ્વુફના બુઝુર્ગો આ વિષયને ઈજતેહાદ સુધી લઈ ગયા. અને જિહાદ જેવું મહત્વ આપીને એના વડે દિલ અને અંતરની મૃત જમીનને જીવંત કરી દીધી. દિલના બીમારોને સાજા કર્યા. તઝકિયહ અને તસવ્વુફના રબ્બાની ઉલમાએ કિરામ અને એમની કેળવણી પામીને મેદાને અમલમાં આવતા મશાઈખ વડે દુનિયાના દૂર સુદૂર અનેક પ્રદેશોમાં ઈસ્લામનો ફેલાવો થયો. એવા કાબેલ અને કાર્યક્ષમ લોકો પેદા થયા જેમણે પોતાના ઝમાનામાં મુસ્લિમ સમાજમાં ઈમાન – યકીન અને અમલે સાલેહની રૂહ ફૂંકી દીધી. જરૂરત પડી તેઓ જિહાદ માટે પણ આગળ આવ્યા. આ લોકોની સેવાનો ઈન્કાર કોઈ એવો માણસ જ કરી શકે જે ઈસ્લામના ઈતિહાસથી વાકેફ ન હોય.

ઈતિહાસના સામાન્ય અભ્યાસથી પણ આટલું જાણી શકાય છે કે બીજી સદીથી લઈને આજ સુધી લગાતાર, નિરંતર, દરેક કાળમાં, દરેક પ્રદેશમાં બેશુમાર નિખાલસ મુસલમાનોએ આ તરીકો (તસવ્વુફ) અપનાવ્યો છે, પોતે પણ એનાથી લાભ ઉઠાવ્યો, અન્યોને લાભ પહોંચાડયો, એના થકી ઈસ્લામનો પ્રચાર કર્યો, મુસલમાનોના દીન – ઈમાન મજબૂત કર્યા, અને એમને આ તરીકાના ઉપયોગી હોવા વિશે સંપૂર્ણ યકીન પણ હતું. ઉપરાતં આ બધા લોકો સ્વંય કાબેલ હતા. કુરઆન અને હદીસના વિદ્વાન હતા. સુન્નતના આશિક અને બિદઅતના વિરોધી હતા. આવા એક બે આલિમ કે વિદ્વાનોની વાત નથી, પરંતુ લાખોની સંખ્યામાં ઉમ્મતની પહેલી હરોળના આલિમો લગાતાર સદીઓ સુધી કોઈ ગલતફહમી કે ગુમરાહીમાં ચાલતા રહે, શકય નથી. એમના વડે જે લાખો કરોડો લોકોને હિદાયત મળવી અને રૂહાની – બાતેની કમાલાત પ્રાપ્ત થવા... આ બધી બાબતો હદીસની પરિભાષા મુજબ 'ખબરે મુતવાતિર'ની જેમ છે. જેનો ઈન્કાર શકય નથી.

સમયકાળ અને પ્રદેશો અલગ હોવા છતાં સાચા, મુખ્લિસ, નિસ્વાર્થ, પવિત્ર અંતર અને મનના આ બુઝુર્ગો નિરંતર આ રસ્તે ચાલતા આવતા હોય એમને ગલતફહમીના શિકાર કહેવું ખોટું છે. અલ્લાહ તઆલા તો ફરમાવે છે :

જે કોઈ અમારા રસ્તામાં મહેનત કરે છે, અમે એમને અમારી રાહનું માર્ગદર્શન કરીએ છીએ. અને અલ્લાહ 'એહસાન' કરનારા લોકોની સાથે છે.

*(તઝકિયહ વ એહસાન યા તસવ્વુફ વ સુલૂક : ૩૧)*

# અલબેરૂની અને ભારત

ભારતના પ્રવાસે આવેલ 'અલબેરૂની'(૯૭૩–૧૦૪૮)ની ગણના એવા પ્રવાસીઓમાં થાય છે જેણે ભારતના પંડિતોને જ્ઞાન અને વિજ્ઞાનની નવી દિશાઓ શીખવાડી છે. સુલતાન મહમૂદ ગઝનવીના સમયમાં એ ૧૦૧૭ થી ૧૦૨૦ દરમિયાન ભારતના પ્રવાસે હતા. અરબીઅને ફારસી ઉપરાંત સંસ્કૃત, યુનાની અને સીરીયાઈ ભાષાની જાણકારી પણ ધરાવતા હતા. ગણિત, ખગોળ, ભુગોળ, ઈતિહાસ અને રસાયણ શાસ્ત્રના તેઓ વિજ્ઞાન હતા. પ્રકાશની ગતિ ધ્વનિ કરતાં વધારે હોય છે એ સહુપ્રથમ એમણે જ પુરવાર કર્યું હતું. લગભગ ૧૪૬ પુસ્તકો એમણે લખ્યા હતા.

ભારતમાં રહીને ભારતના ઈતિહાસ, સંસ્કૃતિ અને હિંદુઓની રીત – રિવાજો, પરંપરાઓ વગેરે વર્ણવતું એક પુસ્તક 'તારીખુલ હિન્દ' (ઉર્દૂ નામ) લખ્યું. આ પુસ્તક દ્વારા જ ભારતીય સંસ્કૃતિની આરબો સુધી પહોંચી હતી એમ સમજવામાં આવે છે. તારીખુલ હિન્દના પહેલા પ્રકરણમાં ભારત પ્રવાસનું વર્ણન કરતાં અલબેરુની લખે છે :

ભારતમાં હું અજનબી હતો, એટલે મારે પહેલાં હિંદુ પંડિતોનો શિષ્ય બનવું પડયું. પરંતુ થોડા સમય પછી જયારે હું એમની ભાષા શીખી ગયો તો હું એમનો ગુરૂ બની ગયો. ખગોળશાસ્ત્ર અને ગણિતમાં હું ઘણો જ કાબેલ હતો એટલે હું એમને તાલીમ આપવા માંડયો. પંડિતોને ઘણું અચરજ થયું. તેઓ નવાઈથી પૂછવા લાગ્યા : તમે આ બધું કયા પંડિત પાસેથી શીખ્યું ? તેઓ એમ જ સમજતા હતા કે કોઈ બીજી કોમનો વ્યકિત જ્ઞાન – વિદ્યામાં એમની સરીખો હોય જ નથી શકતો. તેઓ મને જાદુગર સમજતા હતા અને બહરુલ ઉલૂમ (વિદ્યાસાગર) કહેતા હતા.

હિંદુ ખગોળશાસ્ત્રના પંડિતોએ અલબેરૂનીને ખગોળશાસ્ત્રને લગતા અમુક પ્રશ્નો પૂછયા હતા. એના જવાબો આધારિત ૧૨૦ પાનાનું એક અલગ પુસ્તક પણ લખ્યું હતું.

એમ તો હિંદુઓ અને મુસલમાનો વચ્ચે જ્ઞાન – વિજ્ઞાનની આપલેનો ઈતિહાસ ઘણો જૂનો છે. તારીખુલ હિન્દમાંથી અલબેરૂનીના ઉપરોકત લખાણ ટાંકીને અલ્લામહ સય્યિદ સુલેમાન નદવી રહ. લખે છે : બીજી સદી હિજરીમાં હિંદુઓએ બગદાદ ખિલાફતને જે ઈલ્મી કરજ આપ્યું હતું એ વ્યાજ ઘણા બધા વધારા સાથે અલબેરૂનીએ પાછું કર્યું એમ કહી શકાય. ● ● ● ● ●

# હઝ. ઉમર બિન અ. અઝીઝ (રહ.)નો ન્યાય

(૨) હઝરત ઉમર બિન અ. અઝીઝ રહ. (મૃત્યુ : ૧૦૧ હી.)ની સેવામાં સમરકંદનું એક પ્રતિનિધી મંડળ હાજર થયું, અને ત્યાંના સેનાપતિ કુતયબહ બિન મુસ્લિમ બાહલી વિશે શિકાયત કરી કે એમણે ઈસ્લામી પ્રમાણિકા અનુસાર અમને પહેલાં ચેતવ્યા ન હતા, અને અચાનક જ અમારા શહેરમાં પ્રવેશી તેને જીતી લીધું, માટે અમને ન્યાય આપવામાં આવે.

સમરકંદની જીત હઝરત ઉમર બિન અ. અઝીઝ રહ.ના આરૂઢ થતાં પહેલાંની વાત હતી, ઉપરાંત એ ઘટનાને ૧૫ વરસ પણ વીતી ગયાં હતાં, આમ છતાં આપ રહ.એ ન્યાયને પ્રાથમિકતા આપી અને ઈરાકના હાકેમને લખી મોકલ્યું કે સમરકંદના લોકોની સુનાવણી માટે એક વિશેષ કાજી નિયુકત કરવામાં આવે. આદેશ ઉપર તુરંત અમલ કરવામાં આવ્યો, અને જમીઅ બિન હાજિર બાજીને કાજી નક્કી કરવામાં આવ્યા.

કેસ ચાલુ થયો, બન્ને પક્ષકારોના બયાન સાંભળવા બાદ કાજીએ સમરકંદ વાસીઓની શિકાયત યોગ્ય ગણી ફેસલો આપ્યો કે ઈસ્લામી લશ્કર ત્યાંથી બહાર નીકળી જાય અને સમરકંદવાસીઓને એમનો કિલ્લો અને અન્ય મિલકતો પાછી સોંપી દેવામાં આવે, અને ફરીથી ઈસ્લમી સૈન્ય ઈસ્લામી પરંપરાને અનુસરી સમરકંદ પ્રતિકૂચ કરે, તેમની સામે શરતો રજૂ કરે, અને તેઓ ન માને તો જ એમનાથી લડાઈ કરે.

આ તે સમય હતો જયારે ઈસ્લામી ફોજના વિજયો ચીન સુધી પહોંચી ગયા હતા; પરંતુ કાજી તરફથી ફેંસલો આવતાં જ તે ફોજના સેનાપતિએ ફોજને શહેર ખાલી કરવાનો આદેશ આપ્યો. સમરકંદ વાસીઓએ જયારે જોયું કે મુસલમાન ન્યાયમાં આટલા પાકા અને સિધ્ધાંતવાદી છે તો અચંબામાં પડી ગયા, આ પૂર્વે આવું કદી જોયું ન હતું, તેઓએ તુરંત જ ઈસ્લાી શાસનની આધીનતા સ્વીકારી લીધી.

સમરકંદ વાસીઓ પંદર વરસ જુની ઘટનાની ફરિયાદ લઈને ગયા હતા, ઉપરાંત તેઓ હજુ મુસલમાન પણ ન હતા, પરંતુ હઝરત ઉમર બિન અ. અઝીઝ રહ.નો ન્યાય જોઈ એટલા પ્રભાવિત થયા કે આગામી થોડાક જ વરસોમાં આખો વિસ્તાર મુસલમાન થઈ ગયો.

# શરઈ માર્ગદર્શન
# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ.મુફતી અહમદ દેવલા સાહેબ
સદર મુફતી જામિઅહ જંબુસર

## સહિયારા ધંધામાં પાછળથી શામેલ થનાર ભાગીદારોમાં નફાની વહેંચણી

સવાલઃ– અમારા ગામના ઉલમાએ કિરામે આજ થી લગભગ દસ વર્ષ અગાઉ એક યુનિયનની સ્થાપ્ના કરી છે. જેમાં ગામના ફુઝલા શરીક થઈ શકે છે. દરેક સભાસદ દર મહિને રૂા.૨૫–૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ) ફીસ પેટે જમા કરાવે છે સારી એવી રકમ જમા થયા બાદ અમે લોકોએ તેનાથી ધંધો શરૂ કર્યો જેમાં નફો થતો ગયો અને ફીસ પણ જમા થતી ગઈ. બીજી બાજુ દર વર્ષે નવા ફારિગ થનાર ઉલમાએ કિરામ તેમાં જોઈંટ થતા ગયા અને અમુક ઉલમા તો બે–ત્રણ વર્ષથી આ યુનિયનનાં સભ્ય બન્યા છે અને અમારો ધંધો તો ૯–૧૦ વર્ષથી ચાલુ છે તો પુછવાનું એ કે મજકુર નફો સભાસદમાં કઈ રીતે તકસીમ કરવો. શું અમુક વર્ષો બાદ શરીક થનાર સભાસદોને પણ પૂરેપૂરો નફો મળશે કે પછી કોઈ તફાવત રહેશે ? અને હવે પછી કામ આગળ કેવી રીતે ધપાવવું ? ઉમ્મીદ છે કે સરળ ઉપાય બતાવી આભારી કરશોજી.

**જવાબઃ–** حامدًا ومصليًا و مسلمًا

યુનીયન દ્વારા એક મુદત સુધી સારી એવી રકમ પોતાના સભાસદો પાસેથી એકત્રિત થતા, ધંધામાં રોકાણ કરવુ, એ શરઈ દ્રષ્ટિએ શિર્કત – ભાગીદારીમાં વેપાર કરવાથી સંબંધિત છે. મઝકૂર રીતના ભાગીદારીના વેપારની શરૂઆત વેળાએ, જે ભાગીદારો (યુનીયનના સભાસદો) હતા, તેમાં અમુક મુદત પછી નવા ભાગીદારોને શામેલ કરવા માટે, બે શર્તોનું ઉપસ્થિત હોવું જરૂરી છે.

(૧) જુના ભાગીદારો તરફથી, નવા ભાગીદારો (નવા સભાસદો)ને ભાગીદારીમાં સમાવેશ કરવાની ઈજાઝત હોય. (દુર્ર–શામીઃ ૬/૪૯૨, દારૂ. આલમિલ કુતુબ–રિયાઝ, અલ–મવસુઉતુલ ફિકહીય્યહઃ ૨૬/૯૭)

(૨) નવા સભાસદોને ભાગીદારીમાં શામેલ કરતી વેળાએ, જુના તમામ સભાસદો–ભાગીદારોના સર્વે વેપારના માલ–સામાનની તે દિવસના બજાર ભાવેથી કિંમત આકારણી કરી, તે કિંમત અને સાથે રોકડ–ઉધાર સિલક ભાગીદારીના વેપારની નીકળતી હોય તો બંનેને જમા કરી, તેને જૂના ભાગીદારો – સભાસદોની મૂડી ઠેરવવામાં આવે અને એના પ્રમાણેથી નવા સભાસદો – ભાગીદારોની મૂડીનું પ્રમાણ નકકી કરવામાં આવે.

ફીકહે હનફીના મત મુજબ તો મૂડીનુ રોકડ શકલમાં હોવુ જરૂરી છે, પરંતુ હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)એ જન સમૂહના બહોળા પ્રમાણમાં આ રીતના વેપારમાં પરોવાયેલ હોવાના લઈ, મઝકૂર મસ્અલામાં અન્ય ફુકહાએ કિરામ હઝ.ઈમામ માલિક (રહ.) વિગેરેના મત મુજબ ફતવો આપ્યો છે કે ભાગીદારીની મૂડીનું રોકડમાં હોવુ જરૂરી નથી, બલકે માલ–સામાન સ્વરૂપે હોય, તો તે પણ એ રીતે ભાગીદારીનો વેપાર થઈ શકે છે કે તેની બજાર ભાવેથી કિંમત કરી લેવામાં આવે જેથી કરી દરેક ભાગીદારનું મૂડીનું પ્રમાણ નકકી થઈ જાય, ઉપરોકતની શર્ત આ આધારે જ નકકી થાય છે. (ઈમ્દાદુલ ફતાવા :૩/૪૯૪, શિર્કતો–મુઝારબતઃ ૨૪૮, ૨૫૫, મુરવ્વજા તિજારતી કંપનીયાં ઓર ઈસ્લામી શિર્કતો–મુઝારબતઃ૪)

"તસ્હીલે બહેસ્તી ઝેવર"માં છેઃ " બઝાહિર ઈમામ માલિક (રહ.)કા નુકતએ નઝર (મંતવ્ય) ઝયાદા સહલ ઓર મા'કૂલ મા'લૂમ હોંતા હય ઓર યે જદીદ કારોબારી કી ઝરૂરતોંકો પૂરા કરતા હે, ઈસ લીયે ઉસ પર અમલ કીયા જા શકતા હે ...... "મુશારકા" (ભાગીદારીમાં વેપાર) લગાયે જાનેવાલા સરમાયા (મૂડી) નકદ શકલ મેં ભી હો સકતા હય ઓર ગેર નકદ અશ્યાઅ (વસ્તુ–સામાન) કી શકલમેં ભી, દૂસરી સૂરતમેં રઅસુલમાલ (મૂડી)મેં ઉસ શરીક (ભાગીદાર) કે હિસ્સે કા તઅય્યુન (નિયત કરવી) ગેર નકદ અશ્યાઅ કી બાઝારી કીંમત કે ઝરીએ કિયા જાએગા. (તસ્હીલે બે.ઝેવરઃ ૨/૧૪૬)

ભાગીદારીના વેપારમાં શરઈ દ્રષ્ટિએ દરેક ભાગીદારને પોતાના મૂડીનાં પ્રમાણ મુજબ નફાનુ ધોરણ ખબર હોવું જરૂરી છે, અને નફામાં તેનો કેટલો હિસ્સો છે, તેના જાણવા માટે બધી–ટોટલ મૂડીનું જાણવું જરૂરી છે, જયાં સુધી ટોટલ મૂડી મા'લૂમ ન હોય, ત્યાં સુધી નફામાંના તેના હિસ્સા અને પ્રમાણની

ખબર પડશે નહીં. (શર્હુલ મજલ્લહઃ ૪/૨૬૦)

ખુલાસો એ કે નવા સભાસદો– ભાગીદારોને વેપારમાં શામેલ કરતી વેળાએ જુના ભાગીદારોની મૂડી મા'લૂમ હોવી જોઈએ અને તેને જાણવાની રીત શર્ત નંબર ૨ (બે)માં વર્ણન કરવામાં આવી છે.

રજૂ કરેલ સૂરતમાં આપે જયારે નવા ભાગીદારોને મઝકૂર વેપારમાં ભાગીદાર બનાવ્યા, ત્યારે સદર શર્તો મુજબ હોય, તો આ રીતે સમાવેશ કરવુ બરાબર છે, તેમાં કોઈ વાંધો શરઈ દ્રષ્ટિએ જણાતો નથી.

પરંતુ આપે શર્ત નંબર બેની તકેદારી ન રાખતા જુના ભાગીદારોની મૂડી કાઢી ન હોય અને નવા સભાસદોને મઝકૂર વેપારમાં ભાગીદાર બનાવ્યા હોય, તો આ રીતેથી ભાગીદાર બનાવવુ દુરૂસ્ત નથી; કારણ કે આવી સ્થિતિમાં ટોટલ મૂડી અને તેમાં દરેકનો કેટલો ભાગ છે, તે અસ્પષ્ટ અને મોઘમ રહે છે અને જયારે મૂડી જ મોઘમ હોય, તો પછી નફો કેટલો છે, તે જાણવું પણ મુશ્કેલ થઈ પડે છે, જયારે કે નફો અને તેમાં દરેકનો કેટલો હિસ્સો છે, તે મા'લૂમ હોવુ જરૂરી છે. (શર્હુલ–મજલ્લહઃ ૪/૨૬૦)

હઝરત મવલાના મુફતી મુહમ્મદ તકી ઉસ્માની સા. (મ.ઝિ.) ફરમાવે છેઃ " પુરે રઅસુલ માલ (મૂડી)કા મા'લૂમ હોના નફા કી તકસીમ કે વકત જરૂરી હય, તાકે ઉસકે મુતાબિક તેશુદા (નકકી) શરહ (ટકાવારી મુજબ)સે નફા તકસીમ કીયા જા શકે. (ગેરસૂદી બેંકકારીઃ ૩૨૫)

અને ધ્યાનથી વિચારતા આ વાંધાજનક બાબત પણ તેમાં જોવા મળે છે કે આ રીતના વેપારમાં એક નો નફો બીજાના ભાગે અને એકનું નુકસાન બીજાના માથે પડી શકે છે, જે શરીઅત તરફથી નિયુકત કરવામાં આવેલ નફા–નુકસાનના ધારા–ધોરણોની વિરૂધ્ધ છે.

(શર્હુલ–મજલ્લહઃ ૧/૨૪૬, અતાસી, મિશ્કાત શ.: ૩/૧૧૪, બુશ્રા)

આથી જૂના સભાસદોની મૂડીનો અંદાજો કાઢયા વિના, નવા સભાસદોને ભાગીદાર બનાવવું સહીહ નથી.

આનો સહીહ વિકલ્પ આ જ છે કે આપ જયારે નવા સભા સદોને અગાઉથી ચાલ્યા આવતા વેપારમાં ભાગીદાર બનાવો, તો પહેલા જૂના સભાસદો દ્વારા જે કંઈ પૂજી એકત્રિત કરી વેપાર કર્યો છે, તે તમામનો હિસાબ

આજના બજાર ભાવેથી કરી, ટોટલ તથા દરેકની મૂડીનો અંદાજો કરી, નવાઓને શામેલ કરો. આની ઉત્તમ રીત, સરળ રીત તો આજ છે કે વર્ષમાં એક વખત ચોકકસ તારીખે અથવા બે–ત્રણ વાર ચોકકસ તારીખોના શર્ત નંબર બેમાં લખેલ તફસીલ મુજબ હિસાબ કાઢી, નવા સભાસદોને ભાગીદાર બનાવી લેવામાં આવે. અમારા મત મુજબ આ રીતમાં શરઈ દ્રષ્ટિએ કોઈ વાંધાજનક બાબત જોવા મળતી નથી. (શિર્કતો મુઝારબતઃ ૩૮૮)

આ રીત અપનાવવામાં આવે તો દરેકનો નફો પણ મા'લૂમ થઈ જશે, જેનું તમામ મૂડીમાં જેટલુ મૂડીનું પ્રમાણ હશે, તે પ્રમાણે જ વેપારથી પ્રાપ્ત થયેલ નફામાં તેનો હિસ્સો ગણાશે. દા.ત. મૂડી ૫,૦૦,૦૦૦=૦૦ રૂપિયા છે અને તેમાં માનો કે એક સભ્ય એવો છે કે જેની મૂડી ૫,૦૦૦=૦૦ રૂપિયા છે, તો એનો મૂડીમાં ૧% ભાગ થયો, તો આ મૂડી થી જે બરકત હાસેલ થશે, તેમાં પણ તેનો ૧% ભાગ રહેશે, અલબત્ત આમાં જો નફા બાબત અન્ય કોઈ જાઈઝ રીતે પ્રમાણ નકકી થયું હોય તો પછી તે પ્રમાણે નફામાં ભાગ રહેશે.

અત્યાર સુધી આપે જે ભાગીદારીમાં રોકાણ વેપારમાં કર્યુ, તેની રીત ઉપર મુજબ ન હોય, તો જાહેર છે કે તેવી રીતની ભાગીદારીનું રોકાણ દુરૂસ્ત નહીં ગણાશે, અને જયારે ભાગીદારી ફાસિદ ઠરે તો પછી શરઈ દ્રષ્ટિએ રોકાણ દ્વારા પ્રાપ્ત થયેલ નફાને તમામ ભાગીદારોને મૂડીમાં દરેકનું જે પ્રમાણ હોય, તે પ્રમાણેથી વહેંચણી કરવાનો હુકમ છે, પરંતુ અહીંયા ગરબડ જે અસલ પયદા થાય છે, તે મૂડીના મા'લૂમ ન હોવાના કારણે જ પયદા થાય છે, માટે હવે તો આ મૂંજવણને ઉકેલવાની બે રીતો છે.

(૧) વેપારમાં રોકાણ કરવાથી લઈ અત્યાર સુધીના દરેક વર્ષના વેપાર–ધંધાનો અંદાજીત હિસાબ કાઢવામાં આવે, પ્રથમ વર્ષના અંતે જે નફો થયો હોય, તેને તે વર્ષના ભાગીદારોની મૂડીમાં શામેલ કરવામાં આવે અને તે પ્રથમ વર્ષના ભાગીદારોની મૂડી બીજા વર્ષના રોકાણ માટે ગણાશે, બીજા વર્ષના અંતે જે કંઈ વૃધ્ધી થઈ હોય, તેમાં નવા–જૂના બંનેનો તેમની મૂડી પ્રમાણે હિસ્સો રહેશે. હવે ત્રીજા વર્ષ માટેના રોકાણમાં બીજા વર્ષવાળાની મૂડી બે વસ્તુને જોડીને થશે ૧ મૂડી, ૨ તેના ઉપર મળેલ નફો, પ્રથમ વર્ષવાળા

ભાગીદારોની મૂડી હવે બીજા વર્ષ માટે જે મૂડી હતી તે અને તેમના ઉપર જે નફો બીજા વર્ષના અંતે થયો, તે બંનેને ત્રીજા વર્ષના રોકાણ માટે મૂડી શુમાર કરવાની રહેશે, આ પ્રમાણે દરેક વર્ષ મુજબ તેમાં ઉમેરાતા નવા સભાસદો–ભાગીદારો અને આગલા વર્ષના ભાગીદારોનો અત્યાર સુધી અંદાજીત મૂડી અને નફાનો હિસાબ કરી, બધા સભાસદોની મીટીંગ બોલાવી, સર્વે હકીકત રજૂ કરી, પછી એક બીજાથી પરસ્પર નીકળતા હક વિશે બાંધ–છોડ કરી સફાઈ કરી લેવામાં આવે. (અલ–મજલ્લહઃ ૩૦૩)

(૨) બિન વ્યાજુ બેન્કીંગમાં નફાની વહેંચણીની એક વિશેષ રીત છે, જેને કેટલાક મોઅતબર ઉલમાએ કિરામે ઈસ્લામી બેન્કીંગ પધ્ધતિમાં દુરૂસ્ત ઠેરવી છે, જેને અંગ્રેજી ભાષામાં Dally Product ઉર્દૂમાં ''યવમિય્યા પયદાવાર'' (દરરોજની આવક) કહેવામાં આવે છે. તેની રીત આ મુજબ લખવામાં આવી છેઃ ભાગીદારીના અંતે જે નફો આવે, તેનો હિસાબ કરતા આ વાતની ગણત્રી કરવામાં આવે કે એક રૂપિયા પર, એક દિવસના નફાની ટકાવારી કેટલી છે ? દા.ત. ''૩૦'' દિવસે ત્રણસો રૂપિયામાં ''૩૦'' રૂપિયા નફો થયો, તો આનો અર્થ આમ થયો કે ''૩૦૦'' રૂપિયામાં દરરોજ ''એક'' રૂપિયો નફો થાય છે, માટે એક રૂપિયામાં રોજનો નફો ''૦.૦૦૩૩૩'' પૈસા થાય. હવે એક સભાસદનો એક રૂપિયો ૧૫ દિવસ ભાગીદારીના વેપારમાં રહયો તો રૂપિયામાં રોજના નફાના પ્રમાણ ''૦.૦૦૩૩૩'' ને ''૧૫''થી ગુણાકાર કરવામાં આવે, જે આધારે તેનો ૧૫ દિવસનો ટોટલ નફો ''૦.૦૪૯૯૫'' પૈસા થયેલ ગણાશે. હવે કોઈના ૧૦ રૂપિયા ૧૫ દિવસ વેપારમાં રહયા હોય, તો રૂપિયામાં રોજના નફાના પ્રમાણ ''૦.૦૦૩૩૩'' ને ૧૦માં ગુણાકાર કરી, જે સરવાળો થાય, તેનો ''૧૫''માં ગુણાકાર કરી લેવામાં આવે, જેમકે ૦.૦૦૩૩૩×૧૦= ૦.૦૩૩૩× ૧૫= ૦.૪૯૯૫ પૈસા ૧૦ રૂપિયાનું ૧૫ દિવસ સુધી વેપારમાં રોકાણ કરનારનો નફો થશે. (ગેરસૂદી બેંકકારીઃ ૩૦૫) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

તા.૨, રબીઉલ–અવ્વલ–૧૪૩૪ હિજરી, ૧૫/૧/૨૦૧૩ ઈસ્વી

# ભરૂચ તાલુકા અને જિલ્લાની પ્રજાનો રાજકીય સિતારો ખરી પડયો

*મુફતી અહમદ યાકુબ પટેલ દેવલ્વી*
*મનેજિંગ ટ્રસ્ટી, જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસર*

ભરૂચ જિલ્લાના મુસ્લિમ સમાજમાં ગ્રાઉન્ડ ટુ અર્થથી ગાંધીનગર સુધીની યાત્રાના અધિકારી એવા ભરૂચ જિલ્લાના દેરોલ ગામના વતની અને વાગરા મત વિસ્તારના પૂર્વ ધારાસભ્ય ઈકબાલ ભાઈ પટેલના લાંબી માંદગી બાદના નિધનથી સમગ્ર ભરૂચ તાલુકા અને જિલ્લાના સમગ્ર સમાજમાં ઘેરા શોકની લાગણી છવાય ગઈ.

મર્હૂમ ઈકબાલ પટેલ એ મિલનસાર, વિવેકી અને બધા જ સમાજ – જ્ઞાતિઓને સાથે લઈ ચાલનાર સિદ્ધહસ્ત રાજકરણી હતા, દેરોલ ગામ પંચાયતથી પોતાની રાજકીય કારકીર્દી કંડાળનાર મર્હુમ વિવિધ ક્ષેત્રે પોતાની રાજકીય સેવાઓ આપી ચૂકયા છે. ભરૂચ પંચાયતની વિવિધ સમિતિઓના સમયાંતરે ચેરમેન, ભરૂચ તાલુકા પંચાયતના પ્રમુખ અને વાગરા મત વિસ્તારના ધારાસભ્ય અને છેલ્લે વિધાનસભા કોંગ્રેસ પક્ષના મુખ્ય દંડક તરીકેની જવાબદારી પણ ન્યાયપૂર્વક સંભાળી ચુકયા છે. તેમની વિશિષ્ટ સેવાઓને ધ્યાનમાં લઈ ગુજરાત કોંગ્રેસ સમિતિએ તેમને ગુજરાત કોંગ્રેસ આઈ સમિતિના મહા સચિવ પદે પણ નિયુકત કર્યા હતા. અને તેઓએ કોંગ્રેસ મહાસચિવની સેવાઓ પણ ખૂબ પ્રમાણિકતાથી અદા કરી હતી. તેઓ તમામ સંપ્રદાયના લોકો સાથે સરખો પ્રેમ અને આદર રાખતા હતા. તેમનું સમગ્ર વ્યકિતત્વ પ્રભાવશાળી અને તેજસ્વી હતું. ગુજરાત વિધાનસભાના જે તે સમયના ધારાસભ્યોમાં એક શિક્ષિત ધારા સભ્ય તરીકે તેમની ગુણના થતી હતી. ભરૂચ જિલ્લામાં મર્હૂમ ઈકબાલ પટેલ ઉલમા સાથે નજીકનો નાતો ધરાવતા હતા. અને અવાર નવાર દીની ઈરાદાઓ, જામિઅહ ઉલુમૂલ કુર્આન– જંબુસર, દારૂલ ઉલૂમ કંથારીયા, દારૂલ ઉલૂમ થામ અને દારૂલ ઉલૂમ દયાદરાની મુલાકાત લેતા હતા. અને પોતાની દિની મુંઝવણોની અવાર

નવર ચર્ચા ઉલમા સાથે કરતા હતા. મર્હૂમ એક એવા વ્યકિતત્વના અધિકારી હતા કે દીની – ઈલ્મી તથા તાલીમી સંચાલનોમાંથી એક મહત્વની કડી હતા. સમાજના સંગઠનની પણ કડી હતા.

મારે મવસૂફ સાથે ખૂબ નજીકનો નાતો હતો મારે મર્હૂમ સાથે વારંવાર સંસ્થાના કામ અર્થે વિવિધ સરકારી કચેરીઓમાં જવાનું થયું છે, મારા સફર દરમ્યાન તેમણે જુના – નવા અધિકારી વર્ગમાં માનવ સંબધોની મહેક જે પ્રસરાવી છે તેને હું કદી વિસરી શકું એમ નથી. જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસર અને તેની શાખાઓ જામિઅહ આઈ.ટી. આઈ મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કુલ – જંબુસર, જામિઅહ પ્રાથમિક શાળા – જંબુસર, જામિઅહ ઈંગ્લીશ મિડિયમ પ્રાથમિક અને માધ્યમિક શાખાના વિકાસમાં તેમનો મને પ્રત્યક્ષ અને પરોક્ષ રાજકીય અને માનવીય બંને પ્રકારનું બહુમુલ્ય યોગદાન અને સહકાર હમેશાના માટે ખુબ ગંભીરતાથી મળતો રહયો છે તેમનું સર્વ સંસ્થાઓ પ્રત્યે દિલથી બજાવેલુ કર્તવ્ય હમેશાના માટે જામિઅહ અને તેની સર્વ સંસ્થાના સંચાલક તરીકે મારા દિલ દિમાગમાં ગુંજતુ રહેશે.

જામિઅહ ઉલુમૂલ કુર્આન ટ્રસ્ટ – જંબુસર અને તેની તમામ શાખાઓના કર્મચારીઓ ઘેરા શોકની લાગણી અનુભવે છે એટલુ જ નહીં જામિઅહ ઉલુમૂલ કુર્આને અને ખાસ કરીને જામિઅહ શૈક્ષણિક શાખાઓને સાચા માર્ગદર્શક, વડીલ અને હમદર્દ ગુમાવ્યાનો એહસાસ થાય છે. હું અને જામિઅહ પરિવાર તેમના સંબંધીઓના દુઃખમાં સહભાગી છે અને અતઃકરણ પૂર્વક દુઆ ગુજારીએ છીએ કે અલ્લાહ પાક એમની કોમી, મિલ્લી, રાજકીય સેવાઓને કબૂલ ફરમાવી દારૈનમાં બેહતર બદલો અતા ફરમાવે, તેમજ અલ્લાહ તઆલા મર્હૂમની કબરને નુરથી ભરી દે અને જન્નતની હવાઓ તેમના ઉપર જારી ફરમાવે અને પરિવારજનોને શબ્રો તહમ્મુલ અતા કરે. આમીન

મર્હૂમ પોતાની પાછળ પત્ની, ૨ પુત્રો અને બે પુત્રીઓને વિલાપ કરતા મુકી ગયા છે. અલ્લાહ પાક તેમને શબ્રે જમીલ નશીબ કરે. વાંચક વર્ગને મર્હૂમની મગ્ફિરત માટે દુઆઓની ગુજારિશ છે.

---

૮૪. બોધ કથા

આગળ રસ્તો બંધ છે / રસ્તાનું કામ ચાલુ હોવાથી રસ્તો બંધ છે.

રસ્તા વચ્ચે આવા બોર્ડનો સામનો અનેકવાર બધાને જ થયો હશે.

આ બોર્ડનો મતબલ એવો નથી કે રસ્તો સદંતર બંધ છે અને ખુલે ત્યાં સુધી ગાડી લઈને અહીંયા જ પડયા રહો. એનો મતલબ ફકત એટલો જ હોય છે કે આ સામેનો રસ્તો બંધ છે.

સામાન્ય માણસ પણ આવા બોર્ડનો મતલબ સમજે છે કે ફકત સામેનો રસ્તો બંધ છે. એટલે જ જયારે ગાડી સામે આવું બોર્ડ આવે છે તો ડ્રાઈવર ડાબે જમણે કામ ચલાઉ રસ્તા ઉપર ગાડી આગળ વધારે છે. કદી એવું પણ બને છે કે પાછા વળીને બીજા રસ્તો પકડવો પડે છે, અને પછી આગળ જઈને એ જ રસ્તા ઉપર સફર આગળ વધે છે અને માણસ મંઝિલે પહોંચે છે.

આમ એક રસ્તો બંધ હોવાથી માણસને મંઝિલે પહોંચવામાં થોડું મોડું તો થાય છે પણ એવું નથી થતું કે સફર અટકી પડે. મંઝિલે પહોંચી ન શકાય.

જીવનની સફરની દાસ્તાન પણ કંઈક આવી જ છે. કયારેક માણસને લાગે છે કે રસ્તો બંધ છે, પણ યાદ રાખો, ફકત આ એક રસ્તો બંધ હોય છે, અને આ જ સમયે બીજી તરફ અનેક ખુલ્લા રસ્તાઓ પણ હોય છે.

'રસ્તો બંધ છે'નું બોર્ડ જોઈને હાથ માથે દઈને બેસી રહેવું અકલમંદ માણસનું કામ નથી. આગલી હરોળમાં જગ્યા ન મળે તો પાછલી લાઈનમાં પોતાનું સ્થાન મેળવી લ્યો. કોઈનાથી સીધો મુકાબલો નથી થઈ શકતો તો આડકતરી રીતે એનો સામનો કરો. મારીને કે લડીને કોઈ વસ્તુ મળે એમ નથી લાગતું તો સુલેહ – સમજૂતી કરીને મેળવી લ્યો. કોઈ કામમાં લોકોનો સાથ નથી મળતો તો એકલા શરૂઆત કરો. બંદાઓ તમારી જરૂરત પૂરી નથી કરતા તો ખુદા તઆલા પાસે માંગો.

યાદ રાખો કે એક રસ્તો બંધ હોય છે તો એ જ વેળા અનેક રસ્તાઓ ખુલ્લા પણ હોય છે.

# A Brief Commentary of Surah Al-Qadr

بِسْمِ اللهِ الرَّحْمنِ الرَّحِيْمِ

إِنَّـا أَنـزَلْنَاهُ فِیْ لَيْلَةِ الْقَدْرِ (١) وَمَا أَدْرَاكَ مَا لَيْلَةُ الْقَدْرِ (٢) لَيْلَةُ الْقَدْرِ خَيْـرٌ مِّـنْ أَلْفِ شَهْـرٍ (٣) تَنَزَّلُ الْمَلَائِكَةُ وَالرُّوحُ فِيْهَا بِإِذْنِ رَبِّهِم مِّن كُلِّ أَمْرٍ (٤) سَلَامٌ هِیَ حَتَّى مَطْلَعِ الْفَجْرِ (٥)

During Ramadan, there falls a night called Lailat-ul-Qadr.It is the most blessed night. The worship in it, according to the Holy Qur'an, is better than the worship of a thousand months. One thousand months count up to eighty three years and four months. So, the worship inthis night is better than the worship of about the whole life. How much better? Allah knows only.

The ahadith tell us that this night falls in the last ten days of Ramadan. Therefore, don't miss a single moment of the last phase of Ramadan. Take special care to offer the five obligatory salahs in congregation. Observe fast in the day, spend the big part of the night in worship, be consistent in offering Taraweeh and Tahajjud (the two night Prayers), busy yourself with the remembrance of Allah, make supplications for yourself and for the Muslim Ummah, increase the recitation of the Holy Qur'an.

**Unveiling the importance of Lailat-ul-Qadr, the Creator of the universe says in Surah Al-Qadr:**

"Verily, We have sent the Qur'an down in the

night of Qadr." It means that the Qur'an was sent down from the Preserved Tablet (Lauhe Mehfooz) to the lowest haven in this very night. Then Allah says: "what will explain to thee; what the night of Qadr is?" It means that you (Muhammed) too know the importance, greatness and virtues of this night. Then Allah tells the virtues of this night. "The night of Qadr is better than (the worship of) a thousand months." It means that the amount of reward one gets while worshipping in thousand months, will get more than that, while worshipping in this night. What more reward than thousand months one can get? Allah only knows it. Then Allah, the Exalted, says: "in this night the angels and the Spirit came down with the permission of their Lord with all decrees." Then Allah says: "Peace this until the rise of morning".

The revelation of the Qur'an started with the verses of Surah Al-Alaq. Surah Al-Qadr comes next to it, which informs that the Qur'an was sent down in a blessed night. The second verse of Surah Al-Dukhkhan says: "Indeed we sent it in a blessed night." This fact has also been clearly stated in Surah Al-Baqrah, verse No. (185) "The month of Ramadan (is that) in which the Qur'an was revealed".

There are two senses of the term "Lailat-ul-Qadr." And both are required here. The first is that in this night destinies are decided. As Surah Al-Dukhkhan verse No.(4), states "In that night is made distinct every affair of wisdom." It means that every affair of

wisdom is decided in this night. The other sense of Lailat-ul-Qadr is that it is of utmost value, importance and magnificence.

The fact that the Holy Qur'an was sent down in this night is interpreted as the Qur'an was sent down from the Preserved Tablet to the lowest heaven, or the whole Qur'an was delivered to those angels who carry Wahy (revelation), or the revelation of the Holy Qur'an started in this night and then it was revealed intermittently according to the circumstances.

**Regarding the importance of Lailat-ul-Qadr numerous ahadith have been preserved in the books of ahadith. To be brief I am mentioning only a few:** May Allah help us act upon His guidance, Amen!

The messenger of Allah (ﷺ) said: "Whosoever spends the night of Ramadan in prayer (qiyam) out of sincere faith and seeking its reward from Allah, will have all of his previous sins forgiven." (Bukhari - Muslim)

Qiyam means to stand in Prayer, but here it is referred to offering Prayer, reciting the Qur'an and remembering Allah. And seeking the reward means that the deed should be done sincerely for Allah, not for fame and ostentation.

The Prophet (ﷺ) Said: "A month has come to you and in it there is a night that is better than a thousand months, whoever is deprived of it, deprived of all goodness, and no one is deprived of its goodness except one who is truly deprived" (Ibne Majah).

The Prophet (ﷺ) said: Search for Lailat-ul-Qadr in the odd nights of the last ten days of Ramadan.

According to the above mentioned Hadith Lailat-ul-Qadr should be searched for in the 21st, 23rd, 25th ,27th and 29th nights of Ramadan.

Ayesha (RZA) asked the Prophet (ﷺ) : "O Messenger of Allah (ﷺ) if I get Lailat-ul-Qadr, what should I do? He (ﷺ) replied, "you should supplicate, O Allah! You are the Most Forgiving and You love forgiveness, so forgive me." (Musnad Ahmad, Ibne Majah, Tirmizi)

**Two Important Signs of Lailat-ul-Qadr**

Two important signs of Lailat-ul-Qadr have been mentioned in ahadith. One is that this night would neither be too hot nor too cold. The second sign is that the sun would rise beamless in the next morning of Lailat-ul- Qadr.

There should be no confusion if Lailat-ul-Qadr falls on different days in different cities and countries due to time zone differences. In such a case its blessings could be received when this night is found in its specific time zone.

......................

**દુઆએ મગફિરત.**

આણંદ ખાતે જામિઅહના હમદર્દ, જમીઅત ઉલમાના વરિષ્ઠ સભ્ય, રાજકીય મુસ્લિમ આગેવાન અને સમાજસેવક જનાબ મુહમ્મદ શફી ભાઈ ગુજરાતીના વાલિદહ સાહિબહ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. સગાઓને સબ્રે જમીલ આપે. આમીન. વાચકોથી મરહૂમહ માટે દુઆ અને ઈસાલે સવાબની વિનંતી..

### તરાવીહની ફઝીલત

હઝરત અબૂહુરયરહ રદિ.ની રિવાયત છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જે માણસ રમઝાનમાં અલ્લાહ તઆલા ઉપર ઈમાન રાખીને અને એનાથી સવાબની આશા રાખીને ઈબાદત કરશે અલ્લાહ તઆલા એના પાછળા ગુનાહો માફ કરી દેશે. (બુખારી – મુસ્લિમ) અલ્લામહ કિરમાની રહ. ફરમાવે છે કે, હદીસ શરીફમાં રમઝાનની ઈબાદતનો મલતબ 'તરાવીહની નમાઝ' છે.

### રોઝી માટે રાત દિવસ

દિવસે રોઝી માટે કોશિશ જરૂરી છે, પણ એનાથી વધારે જરૂરી આ છે કે રાત્રે રોઝી આપનારને રબને રાઝી કરવામાં આવે.

### મોમિનના ત્રણ મદદગારો

મોમિનની મદદગાર બાબતો ત્રણ છે : ઝિક્ર કરનાર ઝબાન. શુક્રગુઝાર બીવી અને સબ્ર કરનાર દિલ.

### કોનાથી ડરવું જોઈએ ?

વેર રાખનાર અને બદલો લેનાર લોકોથી ડરવાની જરૂરત નથી. પણ જે લોકો એમનો મામલો અલ્લાહને હવાલે કરી દે છે એમનાથી ડરવાની ખરી જરૂરત છે.

### ઇબાદત અને અખ્લાક

રબને રાજી રાખવા માટે ઈબાદત કરો અને મખ્લૂકને રાજી રાખવા અખ્લાકથી વર્તો. દુનિયા આખિરતની ખુશી આ બે કામોમાં સમાયેલી છે.

### પથ્થરનું દિલ

શરીરની રચનામાં જરૂરત પડી તો અલ્લાહ તઆલાએ હાડકાંઓ મજૂબત તો બનાવ્યાં પણ પથ્થર જેવા તો નહીં જ. પણ માણસ તો દિલ જેવા કોમળ અંગને પણ પથ્થરનું બનાવી લે છે !

### માફીનું એક આંસુ

બુદ્ધિ અને હોશિયારીની લાખો દલીલો અલ્લાહની અદાલતમાં એક નાનકડી ભૂલ પણ માફ નથી કરાવી શકતી, પણ અફસોસ અને માફીનું એક આંસુ જીવનભરના ગુનાહો માફ કરાવી શકે છે.

### રોઝા માણસની જરૂરત છે

રોઝા વિશે અલ્લાહ તઆલા ફરમાવે છે કે આગલી ઉમ્મતો ઉપર પણ રોઝા ફરજ કરવામાં આવ્યા હતા અને તમારા ઉપર પણ ફરજ છે. ઉલમા લખે છે કે રોઝા રાખવા અલ્લાહની ઈબાદત છે પણ અસલમાં એ માનવીની દુનિયાવી જરૂરત છે એટલે જ દરેક કાળે માનવી ઉપર ફરજ ઠેરવીને માનવીની જરૂરત અલ્લાહ તઆલાએ પૂરી ફરમાવી છે.

### રસ્તો ખબર ન હોય તો

રસ્તો ખબર ન હોય તો એકના બદલે બે માણસોને પૂછવું, ખોટા રસ્તે આગળ વધવા કરતાં બેહતર છે.